॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓગષ્ટ ૨૦૧૩ રૂ. ૫/૦૦














વિલ્સડ લેન લંડન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજનો રજત જયંતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.






GHANSHYAM SILVER
JUBILEE MAHOTSAV










GHANSHYAM SILVER
JUBILEE MAHOTSAV
28TH JULY 2013

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

૮

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૩ અંક - ૮ - ઓગષ્ટ – ૨૦૧૩
સળંગ અંક - ૩૩૨

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

સંત કવિ પ્રેમાનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં લખ્યું છે કે,

'સારંગ હિંડોળે શ્યામ બિરાજે, ઝૂલે હરિ જમુના તીરે રે,
રેશમદોરી લઈ રંગભીની રાધા, ઝૂલાવે ધીરે ધીરે રે...'

આનંદની ઘડીએ પ્રિયજન પ્રત્યેના ઉત્કૃષ્ટ પ્રેમની અભિવ્યક્તિ ભાગવતમાં પણ ગોપીઓ જ્યારે શ્રીકૃષ્ણને વૃંદાવનની કુંજગલીઓમાં વૃક્ષની ડાળીએ હિંડોળો બાંધીને ઝૂલાવતી તે ભાવાત્મક ક્રિયાઓમાં જોવા મળે છે.

અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ એક માસ સુધી દર વર્ષે હરિભક્તો હૈયામાં હર્ષની હેલી સાથે હિંડોળા મહોત્સવ ઉજવે છે. હિંડોળો પ્રભુ પ્રત્યેના પ્રેમનું પ્રતીક છે. ઠાકોરજીને હિંડોળામાં ઝૂલાવવા પાછળનો મર્મ પણ સમજવા જેવો છે. હિંડોળાને ઝૂલાવો એટલે તે નજીક આવે અને દૂર જાય, ફરી નજીક આવે અને ફરી દૂર જાય ! આવા-ગમનની આ ક્રિયા સૂચક છે. પ્રભુને નજીક લાવો તો ભક્તના જીવનમાં આનંદનું આગમન થાય અને ગમનું ગમન થાય ! શ્રીજીનાં સાંનિધ્યથી જીવનમાં આશાનો સંચાર થાય અને હર્ષ વ્યાપે અને નિરાશા-ગમગીની નો નાશ થાય છે ! હિંડોળે ભાગવતને ઝૂલાવનારના જીવનમાં સદાય ઉમંગનો આવીર્ભાવ ઝૂલતો રહે છે, પ્રભુપ્રીતિ પ્રબળ બને છે અને પ્રભુની પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે.

ધાર્મિક દૃષ્ટિએ શ્રાવણ માસ વર્ષનો સર્વશ્રેષ્ઠ મહિનો છે. શ્રી સહજાનંદ સ્વામીએ ભક્તિભાવ સહિત અંતર-અંતર વચ્ચેનું અંતર ઘટે છે અને પરસ્પર પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે. શ્રાવણ માસ તો ઉત્સવોથી ભરપૂર મહિનો છે. પરસ્પર પ્રેમ પ્રગટ કરવાનો મહિનો છે, જીવનમાં આનંદનો અવિર્ભાવ કરવાનો મહિનો છે. જન્માષ્ટમી વિષે તો જેટલું લખીએ તેટલું ઓછું છે ! ભાઈ-બહેનના પવિત્ર સંબંધનું પર્વ 'રક્ષાબંધન' પણ આ માસમાં જ છે. આ દિવસ નાળિયેરી પૂર્ણિમાં તરીકે પણ ઓળખાય છે અને આ દિવસે રત્નાકર સમુદ્રનું પણ પૂજન-અર્ચન થાય છે. વર્ષાને કારણે નવપલ્લવિત પૃથ્વી અનેરાં શણગાર સજીને પ્રાકૃતિક સૌંદર્ય પ્રદાન કરે છે તેમ વર્ષાઋતુમાં આવતા આ માસમાં માનવ નવાં નવાં રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરી ઉત્સવો મેળાઓમાં મહાલે છે અને ઉમંગભેર ઉત્સવો ઉજવે છે.

શ્રાવણ માસ એટલે ભક્તિનો મહિનો. ભક્તિના નવ પ્રકાર છે શ્રવણ, કીર્તન, સ્મરણ, વંદન, અર્ચન, પાદસેવન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. કાયિક,વાચિક અને માનસિક ભક્તિ જ્યારે સંપૂર્ણ શ્રધ્ધાથી ભાવપૂર્વક કરવામાં આવે ત્યારે પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે તેમજ પ્રભુની પ્રાપ્તિની ભૂમિકા સર્જાય છે.

કહેવાય છે કે 'ભોળાના ભગવાન'. ભોળા વ્યક્તિનું અહિત ભગવાન ક્યારેય થવા દે નહીં, ભોળો એટલે જેનાં હૃદયમાં કપટ નથી, કલેશ નથી, વેર નથી, વૈમનસ્ય નથી અને તે સહૃદયી, નિઃસ્વાર્થી, નિખાલસ, નિર્દોષ, પ્રેમાળ અને પ્રભુપારાયણ છે તે ભોળો. આવા'ભોળાના ભગવાન' હોય છે, એટલે તો શંકરનું એક નામ 'ભોળા નાથ' છે. શિવભક્તો માટે શ્રાવણ માસ શિવ આરાધનાનું મહાપર્વ છે. શિવ આરાધના જીવને ભગવાનમાં પ્રીતી કરાવે છે.એકટાણાં, ઉપવાસ કરી ઉપાસના કરે છે. ચિત્તની તમામ વૃત્તિઓને ભગવાનમાં લીન કરી વાસનાના બંધનમાંથી મુક્ત થવા પ્રાર્થના કરે છે.



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

## વેદોપબૃંહ્મણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૨૨

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

**વેદાન્તાચાર્ય** (સંક્ષિપ્ત ઉપનિષદ્ પરિચયની પૂર્વ ભૂમિકા)

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન બુદ્ધનો અવતાર થયો અને તેમણે શૂન્યવાદની સ્થાપના કરી તે ૧૨૦૦ વર્ષ સુધીમાં સમગ્ર ભારતવર્ષમાં ફેલાઇ ગયો. બૌદ્ધના શૂન્યવાદના પ્રભાવથી સમગ્ર ભારતદેશમાં ઈશ્વરવાદ ગૌળ બની ગયો હતો. તેથી વૈદિક ઈશ્વરસેવા ઉપાસનાની પદ્ધતિની પરંપરા ગૌળ બની ગઇ હતી. મનુષ્યોમાં શૂન્ય બૌદ્ધિકવાદ ફેલાયેલો હતો. મનુષ્યો ન તો કર્મના સિદ્ધાન્તને માનતા હતા ન તો ઇશ્વરના અસ્તિત્વને સ્વિકારતા હતા. આવી અવૈદિક પરંપરાને દૂર કરીને વૈદિક પરંપરાની સ્થાપન કરવા માટે સ્વયં શ્રીશંકરાચાર્ય આ પૃથ્વી પર પધાર્યા.

આદિ શ્રીશંકરાચાર્યજીએ સમગ્ર પ્રદેશોમાં મૃતપ્રાય સનાતન વૈદિક ધર્મની પુનઃ સ્થાપનાની શરૂઆત કરી. શૂન્યવાદી બૌદ્ધ પણ્ડિતોની સાથે શાસ્ત્રાર્થો કરીને તેમને શાસ્ત્રચર્ચાઓમાં પરાજિત કરીને સૌને વૈદિક માર્ગે વાર્યા. શ્રીશંકરાચાર્યે સૌ પ્રથમ પ્રસ્થાનત્રયી ઉપર સંસ્કૃતમાં ભાષ્યો લખ્યાં. ત્યારથી એવી લોકોમાં ભાવના સરૂ થઇ કે વૈદિક ધર્મના મહાન ગ્રન્થ (૧) ઉપનિષદ્ (૨) બ્રહ્મસૂત્ર અને (૩) ભગવદ્ ગીતા આ પ્રસ્થાન ત્રયી ગ્રન્થ ઉપર જે વિસ્તૃત સંસ્કૃતમાં ભાષ્ય લખે તેજ વૈદિક ધર્મના આચાર્ય કહેવાય તેમણે કરેલો ઉપદેશ વૈદિક ઉપદેશ કરીકે માનવો. આવી એક પરંપરા વિદ્વાનોમાં વહેતી થઇ.

આ પરંપરા મુજબ શ્રીશંકરાચાર્ય પછી જેટલા આચાર્યો થયા જેમ કે - શ્રીરામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય, શ્રીવિષ્ણુસ્વામી, શ્રીરામાનંદ જેવા મહાન્ ધર્મના ગુરુ થયા તેમણે સૌએ આ



પ્રસ્થાન ત્રયી ઉપર સંસ્કૃતમાં ભાષ્યો લખ્યાં છે તેથી તેમને વિદ્વાનો તેમજ અન્ય ભક્તોએ તેમને વૈદિક ધર્મના આચાર્ય કરીકે સ્વીકાર્યા અને લોકમાં પણ આચાર્ય કરીકે પ્રસિદ્ધ થયા.

જ્યારે પુનઃ આ વૈદિક ધર્મના ઉદ્ધારની જરૂરીઆત જણાઇ ત્યારે પુનઃ ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામી તેમજ સ્વયં ભગવાન નારાયણે શ્રીસ્વામિનારાયણ સ્વરુપે આ પૃથ્વીપર પ્રગટ થઇને વૈદિક સનાતન ધર્મની સ્થાપના કરી. તે સમયે કેટલાક ભક્તો ભગવાન શ્રીહરિને ધર્મના આચાર્ય તરીકે માનતા થયા તેમજ કેટલાક સાક્ષાત્ પરમાત્મારૂપે પૂજતા હતા, પરન્તુ સંસ્કૃતના વિદ્વાનોની માન્યતા મુજબ જે વૈદિક ધર્મના આચાર્ય હોય તેમણે પ્રસ્થાન ત્રયી પર ભાષ્ય લખવું જોઇએ અને ત્યારે જ વૈદિક ધર્મના આચાર્ય કહેવાય. આવા પ્રશ્નોના જવાબમાં શ્રીજી મહારાજે આચાર્યની પરંપરા મુજબ શ્રીગોપાળાનંદ સ્વામી પાસેથી ઉપનિષદ્ અને શ્રીમદ્ભગવદ્ ગીતા ઉપર ભાષ્ય લખાવ્યાં અને શ્રીમુક્તાનંદ સ્વામી પાસેથી બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખાવ્યું. આ રીતે શ્રીજી મહારાજે સ્વયં પોતાના શિષ્યો પાસે પ્રસ્થાન ત્રયી ગ્રન્થો પર સ્વસિદ્ધાન્તરૂપ વિશિષ્ટાદ્વૈતમતને અનુરુપ સંસ્કૃતમાં વિસ્તૃત ભાષ્યો

લખાવીને સ્વયં વૈદિક ધર્મના આચાર્ય પરંપરા નભાવી અને આ ઉદ્ધવ સંપ્રદાયને સંપૂર્ણ વૈદિક સંપ્રદાયની માન્યતા અપાવી.

તેથી આ ઉદ્ધવ સંપ્રદાય કોઇ વ્યક્તિએ સ્થાપેલો કે કલ્પિત સંપ્રદાય નથી. આ તો સ્વયં ભગવાને તેમજ વૈદિક ધર્મના પાયા રૂપ પ્રસ્થાન ત્રયી ગ્રન્થોના સિદ્ધાન્તને આધારે આ સંપ્રદાયની સ્થાપના થઇ છે તેથી આ સંપ્રદાય સંપૂર્ણપણે વૈદિક અને પ્રાચીન છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વલિખિત શિક્ષાપત્રીમાં આઠ સત્શાસ્ત્રોને માન્ય રાખ્યાં તેમાં પ્રસ્થાનત્રયીને પણ ગણ્યાં છે.

હવે વાત કરીએ ઉપનિષદો અને તેમના પર લખાયેલ ભાષ્યોના વિષયની.

ઉપનિષદોમાં ચતુર્વેદોના ઉપનિષદો જે કહેવાય છે તે આ પ્રમાણે છે.

**ઋગ્વેદના** - ઐતરેય ઉપનિષદ્

**શુકલયજુર્વેદના** - ઈશાવાસ્યોપનિષદ્, બૃહદારણ્યકોપનિષદ્

**કૃષ્ણયજુર્વેદના**- કઠોપનિષદ્, તૈત્તિરીય ઉપનિષદ્, શ્વેતાશ્વતરોપનિષદ્, મૈત્રાયણી ઉપનિષદ્

**સામવેદના** - કેનોપનિષદ્, છાંદોગ્યોપનિષદ્

**અથર્વવેદના** - પ્રશ્નોપનિષદ્, માણ્ડુક્યોપનિષદ્, મુણ્ડકોપનિષદ્

આ લેખાંકમાં આ બધા ઉપનિષદોનો સંક્ષિપ્ત પરિચય જોઈએ. પરન્તુ તેમનો વિસ્તૃત પરિચય આગળના લેખમાળામાં જોઈશું.

(૧) **ઈશાવાસ્યોપનિષદ્માં** - પરમાત્માના શાસનની ચર્ચા કરી છે. ઈશ્વરનું નિકટ સાનિધ્ય પ્રાપ્ત થઇ શકે તેવો સરળ રાહ બતાવવામાં આવ્યો છે.

(૨) **કેનોપનિષદ્માં** - બ્રહ્મને જગતના સંચાલકના રૂપમાં પ્રસ્તૂત કર્યા છે.

(૩) **કઠોપનિષદ્માં** - મૃત્યુ, નશ્વરતા અને નચિકેતા - યમાખ્યાન મુખ્ય છે.

(૪) **પ્રશ્નોપનિષદ્માં** - જીવન, પ્રાણ, અને ઓંમકારની મુખ્ય ચર્ચા છે.

(૫) **મુણ્ડકોપનિષદ્માં** - જ્ઞાન,વિજ્ઞાન અને બ્રહ્મવિદ્યાની ચર્ચા કરી છે.

(૬) **માણ્ડૂક્યોપનિષદ્માં** - ચૈતન્યતા, વિજ્ઞાન આદિને મુખ્યરૂપમાં લેવામાં આવેલ છે.

(૭) **ઐતરેયોપનિષદ્માં** - જ્ઞાન, વિજ્ઞાન, વિરાટપુરુષ અને માનવ જીવનની સૂક્ષ્મતા (ક્ષણભંગુરતા)ની ચર્ચા છે.

(૮) **તૈત્તિરીય ઉપનિષદ્માં** - વિજ્ઞાન અભિયાન તથા દિવ્ય જ્ઞાન પર ચર્ચા કરવામાં આવી છે.

(૯) **શ્વેતાશ્વતરમાં** - ઈશ્વરના વિવિધ રૂપની વ્યાખ્યા કરવામાં આવી છે.

(૧૦) **છાન્દોગ્યમાં** - મુખ્યતયા સંગીત, ગાયન, તાલના લયની ચર્ચા કરવાની સાથો સાથ અધ્યાત્મ વિજ્ઞાન પર વિશેષ ચર્ચા કરી છે.

(૧૧) **કૌષીતકિ ઉપનિષદ્માં** - ઈશ્વર ઉપાસના-વિધિની ચર્ચા છે.

(૧૨) **બૃહદારણ્યક ઉપનિષદ્તો** મુખ્ય ઉપનિષદ્ છે, આ ઉપનિષદ્માં - અનેક ગુરુ-શિષ્યોનો સંવાદ તેમજ આત્મા-પરમાત્માની વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી છે.

(૧૩) **નારાયણ ઉપનિષદ્** - આ ઉપનિષદમાં ભગવાન નારાયણને જ સર્વદેવ સંભૂત, સર્વકારણ તથા સર્વરૂપ વ્યાપક માનવામાં આવ્યા છે. તેમજ 'ઓં નમો નારાયણાય' આ અષ્ટાક્ષર મંત્રનો મહિમા બતાવવામાં આવ્યો છે.

(૧૪) **મહોપનિષદ્** - આ ઉપનિષદ્ નારાયણથી જ આ સૃષ્ટિના સર્જનની ગાથાનું વર્ણન કર્યું છે. તેમજ શુકદેવ અને રાજા જનકની વચ્ચે સંવાદ દ્વારા આત્મા, જીવનમુક્તિ તથા વિદેહમુક્તિના વિવિધ સ્વરૂપોનું વર્ણન જોવા મળે છે.

(૧૫) **સુબાલ ઉપનિષદ્** - આ ઉપનિષદ્માં સૃષ્ટિનું સર્જનથી લઇને સૃષ્ટિ તથા સૃષ્ટિસર્જન કર્તાની સર્વોત્તમ કૃતિ માનવ દેહનો જન્મથી મુત્યુ સુધીની વિસ્તૃત, સુસ્પષ્ટ તથા તાર્કિક વિવેચન કરવામાં આવ્યું છે.

**ક્રમશઃ**

# જન્માષ્ટમી

- જનકભાઈ એમ. ભટ્ટ

સત્સંગિજીવન ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં માંગરોળપુરે શ્રી સ્વામિનારાયણ ભગવાને જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો, તે ઉત્સવમાં પોતાનું શ્રી કૃષ્ણ સ્વરૂપનું દર્શન કરાવ્યું હતું સહજાનંદ સ્વામીનું કૃષ્ણ સ્વરૂપ જોઈને હરિભક્તો તેમના તરફ અત્યંત આકર્ષિત અને હર્ષવિભોર થયા હતા.

" કર્ષતિ, આકર્ષતિ ઈતિ કૃષ્ણ " જે ખેંચે છે, આકર્ષે છે. તે કૃષ્ણ જયારે ચારે તરફ અંધકાર ફેલાયેલો હોય ત્યારે પ્રકાશનું કિરણ ફૂટી નીકળે, ઝળહળતો સૂર્ય એનો પ્રકાશ પ્રસારે ત્યારે કયું હૈયું આનંદિત ન થાય ? સમાજ જ્યારે સામ્રાજ્યથી ભીંસાતો હોય તેવા સમયે સમાજનો તારણહાર, મળે સમાજ જ્યારે સત્તા અને સંપત્તિના શોષણમાં રહેલો હોય ત્યારે એ શોષણમાંથી મુક્તિ આપનાર મળે, ગરીબો, કચડાયેલા ઉપેક્ષિત પામેલા લોકોને સહાનુભૂતિ આપનાર હૃદય મળે, સમાજમાં જે લોકો પડી ગયા છે તેમને ઊભા થવા માટે સહારો આપનાર સાંપડે, અધ્યાત્મના માર્ગ પર ચાલનારને કોઈ ઉદ્ધારક મળે ત્યારે આનંદ, ઉલ્લાસમાં આવી આનંદવિભોર થઈ કોણ નાચતું નહીં હોય ?

એ મુક્તિદાતા લોકોના તારણહાર ગીતાના ગાનાર શ્રીકૃષ્ણનો જન્મ થયો. તે દિવસ એટલે શ્રાવણ વદ અષ્ટમી . એ અતિ મંગલકારી પુરાતન છતાં હંમેશા નવીનતાથી પૂર્ણ એ સનાતન દિવસ જન્માષ્ટમીના નામથી પ્રચલિત છે. લોકોના ઉદ્ધારક કૃષ્ણનો જન્મ થયો ત્યારે તમામ લોકો પોતાના દુઃખ સંતાપ ભૂલી જઈ આનંદ ઉલ્લાસમાં નાચવા લાગ્યા. વીજળીના કડાકા બોલતા હોય, ઘનઘોર વાદળોના ગડગડાટ સંભળાતો હોય, મુશળધાર વરસાદ તૂટી પડ્યો હોય તે વખતે શ્રીકૃષ્ણનો જન્મ થાય છે.

માનવીના જીવનમાં અંધારું લાગતું હોય નિરાશાનું વાતાવરણ હોય આપત્તિના ડુંગરો તૂટી પડયા હોય તેવા સમયમાં શ્રીકૃષ્ણ ભગવાન જન્મ લે છે.

શ્રીકૃષ્ણ ભગવાન પૂર્ણ અવતાર છે. એમના જીવનમાં કોઈ ઠેકાણે ખામી કે ત્રુટી જણાઈ નથી. આધ્યાત્મિક, સામાજિક, નૈતિકતાની દૃષ્ટિએ તેમજ રાજનીતિના જગતમાં શ્રીકૃષ્ણના તોલે કોઈ આવી શકે તેમ નથી, જેમણે રાત દિવસ સંસ્કૃતિ માટે કામ કર્યું. અધ્યાત્મ ક્ષેત્રે કામ કર્યું.

શ્રીકૃષ્ણે બધાનાં હૃદયો જીતી લીધાં હતાં. ગોકુળમાં ગોવાળિયાઓને ભેગા કરી તેમનો પ્રેમ જીતી લીધો હતો. વૃધ્ધ લોકોને કૃષ્ણ પુત્ર સમાન લાગતા. યુવાનોને મિત્ર જેવા લાગતા. ભક્તોને સ્વયં ભગવાન લાગતા. રાજાઓને રાજાધિરાજ લાગતા. જન્માષ્ટમી એટલે પ્રભુ પ્રેમીઓ માટે આનંદની પરાકાષ્ટા હોય છે.

શ્રીકૃષ્ણે સામાન્ય લોકોને સમજાવ્યું કે, તેજસ્વિતા અને નિષ્ઠાપૂર્વક કામ કરશો તો તમે જગતને બદલી શકશો. ભગવદ્ કાર્ય કરતા રહો ઈશ્વર તમારી પાછળ ઊભા જ છે.

ગોવાળિયા સાથે રહીને અસુરોને હણ્યા. હકીકતમાં પાપ અને દંભને હણ્યા હતા. ગોવર્ધન પૂજા શરૂ કરીને વૈભવનું પૂજન બંધ કરાવ્યું.

ઉપનિષદોના વિચારો તેમનો પ્રચાર પ્રસાર કર્યો.

ગોકુળને સ્વાવલંબી. આરોગ્ય સંપન્ન ઉદ્યમશીલ પ્રેમાળ બનાવ્યું હતું. લોકોએ આસુરી વૃત્તિઓથી ગભરાવું નહિ તે શીખવ્યું. લોકોને દિવ્ય અને દૈવી દૃષ્ટિ આપી હતી. લોકોને નિર્ભય બનાવ્યા. ગોપીઓ સાથે મળીને તેમણે સ્ત્રી શક્તિ જાગૃત કરી હતી. સ્ત્રી જો જાગે તો સમાજ બદલી જાય. એ વાત પર ભાર મૂક્યો.

શ્રીકૃષ્ણ સંસ્કૃતિ પ્રેમી પાંડવોના માર્ગદર્શક રહ્યા હતા. જે માનવો નિરંહકારી નમ્ર પ્રભુકાર્ય માટે કષ્ટ સહન કરવા તૈયાર અને સમર્પિત હોય તેવા લોકો સાથે પ્રભુ સાથે ઊભા રહે છે. ગાય માતા ઉપર પ્રભુએ પોતાનો વહાલસોયો હાથ ફેરવેલ છે.

ભગવાન ભાવના ભૂખ્યા છે નાનામાં નાનું અને નીચામાં નીચું કામ ભગવાન શ્રીકૃષ્ણે કર્યું છે. રાજસૂય યજ્ઞમાં એઠાં પતરાળાં ઉપાડ્યાં છે. શ્રીકૃષ્ણ ભગવાને કર્મયોગ સમજાવ્યો છે. ભક્તિ અને જ્ઞાન વિષે પણ સમજણ આપેલ છે. નિષ્કામ કર્મની વાત કરેલ છે તત્વજ્ઞાનના દૃષ્ટા અધ્યાત્મનો સંદેશ આપનારા ઉપનિષદોના તત્ત્વનું ચિંતન કરી અને સૃષ્ટિના વિકાસમાં શ્રેષ્ઠ ઉપયોગ વિચારોની છણાવટ કરનારા છે. કૃષ્ણનો અર્થ કલ્યાણ થાય છે, કૃષ્ણ એટલે આનંદ, કૃષ્ણ એટલે જીવનની સુગંધ, કૃષ્ણ એટલે નૃત્ય.જેના જીવનમાં કૃષ્ણ આવે તે નાચતો હોય, કૂદતો હોય, ગાતો હોય, હસતો હોય, મસ્તીથી જીવન જીવતો હોય, એનો ચહેરો સૂતકી ન હોય જીવનથી કંટાળેલો ન હોય, હંમેશાં ઉત્સાહ આનંદથી ભરપૂર હોય.

જન્માષ્ટમીના દિવસે નંદના ઘરે આનંદ ઉમળકો રેલાય. સાથે સાથે કરોડોના હૃદયમાં પણ આનંદના હિલોળા લેવાય અને તે રીતે ભગવાનને ઝુલાવવાના છે. શ્રી કૃષ્ણના વિચારો ઘરે ઘરે પહોંચાડવાના છે આ જન્માષ્ટમીના પવિત્ર દિવસે શુભ સંકલ્પ કરી પ્રમાણિક પણે પ્રયત્ન કરીશું તો કૃષ્ણ જન્મોત્સવ સાર્થક ગણાશે. ભગવાન શ્રી કૃષ્ણની અમી દૃષ્ટિના અધિકારી બનીને આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો રાજીપો મેળવીએ.

# આ છે ધ્વજાનો મહિમા

**પૂ. સ્વામી હરિબલદાસજી**

કોઈપણ નાનું કે મોટું મંદિર હોય, ઉપર ''ધ્વજા'' ફરકતી હોય છે.

ધ્વજા-પતાકા એ સનાતન ધર્મ-સંપ્રદાયો અને ભારતીય સંસ્કૃતિનું એક પ્રતિક ગણાય છે.

ધ્વજા-આરોહણનો પણ મહિમા છે. કોઈપણ ધાર્મિક મહોત્સવ, નૂતન મંદિર નિર્માણ, નાના-મોટા યજ્ઞો તેમજ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે જે-તે ધર્મસ્તંભની સ્થાપના કરવામાં આવે છે તથા ઉન્નતિના કોઈપણ સત્કાર્યના પ્રારંભમાં ધર્મસ્તંભની સ્થાપના કરતાં તેના પર ધ્વજા નિરંતર ફરકતી રહે છે.

પૌરાણિક સમયમાં મહાભારતના યુધ્ધ વખતે ધર્મધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

દેવસ્થાનોની ધજા અલગ-અલગ પ્રકારની જોવા મળે છે.

ધ્વજા સફેદ કે બીજા કોઈપણ રંગની ઘણું

કરીને ત્રિકોણ આકૃતિની હોય છે.

''મંદિર પર ફરકતી ધ્વજાનાં દર્શન, જે-તે દેવના સ્મરણ સાથે શ્રધ્ધાપૂર્વક કરવાથી જે-તે દેવતાના દર્શન કર્યા બરાબરનું પુણ્ય મળે છે'' તેવું સ્કંદ પુરાણમાં લખ્યું છે.

ભક્તિમાર્ગના પ્રવાસી શ્રધ્ધાળુઓ દેવસ્થાનના આંગણાંમાં પ્રવેશ કરતી વખતે, સૌ પ્રથમ શિખર અને શિખર પર ફરકતી ધ્વજાને પ્રણામ કરે છે.

ધ્વજામાં વાપરવામાં આવતા કપડાના રંગનો પણ મહિમા જાણવા મળે છે. જેમકે, લાલ-રાતો રંગ, શક્તિ, ઉત્સાહ પરાક્રમ, સંપત્તિ અને સમૃધ્ધિનું પ્રતિક છે. પીળો રંગ જ્ઞાન, વિદ્યા, વિવેકનું પ્રતિક છે. લીલો રંગ આકાશ, નદીઓ, બાલ-પૌરુષને પ્રગટ કરતો રંગ છે. સફેદ રંગ પવિત્રતા, શુધ્ધતા, વિદ્યા, શાંતિ અને નૈતિકતા સ્વચ્છતાનું પ્રતિક છે. કેશરી રંગ શૂરવીરતા, સાહસિકતા, નિર્ભયતા, પ્રગતિશીલતા અને પોરુષત્ત્વનું પ્રતિક છે. ગુલાબીરંગ પ્રફુલ્લિતતા, આનંદ, કોમળતાનું પ્રતિક છે. ધાર્મિકસ્થળે ધજાનો રંગ નિશ્ચિત પરંપરા મુજબ હોય છે.

પ્રાચીનકાળમાં રથનું વાહન કોનું છે ? તે ઓળખવા માટે પ્રત્યેક રથ ઉપર દરેક રાજા-મહારાજાઓની પોતાની આગવી ખાસ ધ્વજા જે-તે રથ ઉપર ફરકાવવામાં આવતી હતી. મહાભારતમાં અર્જુનની ધજા ઉપર સાક્ષાત્ હનુમાનજી બિરાજતા હતા. વૈષ્ણવ મંદિરોમાં ધજા ઉપર ગરુડજી અંકિત કરેલ હોય છે તે મુજબ સ્વામિનારાયણ મંદિરની ધજા ઉપર ગસડજજી બિરાજમાન હોય છે.

ધ્વજા જે-તે દેવસ્થાનોના મંદિરની ટોચ ઉપર શિખર-ઘુમ્મટ પર જોવા મળતી હોય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની ધજા સફેદ અને લાલ રંગની છે.

દેવસ્થાનો ઉપર એક, બે, ચાર કે પાંચ કે સાત કે થી વિશેષ ધજાઓ શિખર, ઘુમટ અને નાની-મોટી ઘુમટીઓ પર ફરકતી જોવા મળે છે.

કેટલાક શ્રધ્ધાળુઓ પોતાની ખાસ કોઈ માનતા ફળીભૂત થાય છે ત્યારે તે સિધ્ધિના પ્રત્યુત્તરમાં જે-તે દેવી-દેવતાના સ્થાનકે ધ્વજા ચડાવવાની બાધા રાખતા હોય છે. તીર્થસ્થળે ધ્વજા ચડાવીને અદમ્ય ઉત્સાહપૂર્વક-દેવઋણ ચૂકવ્યાનો આત્મીય આનંદ માણતા હોય છે અને ઉત્સવ મનાવતા હોય છે.

વિશ્વમાં દ્વારકાધીશના મંદિર ઉપર ધજા વિશ્વમાં સૌથી મોટી છે. આ મંદિરની ઊંચાઈ એકસો પચાસ ફૂટ છે. તેના પર ફરકતી ધ્વજાની લંબાઈ બાવનગજની છે. ધાર્મિક માન્યતા મુજબ કોઈપણ દેવમંદિર પર ચડાવવામાં આવતી ધજાને તે દેવનું સ્વરૂપ માનવામાં આવે છે. દ્વારકાધીશના મંદિર પર દરરોજ ધજા ચડાવવામાં આવે છે.

ચંદ્ર સૂર્યના સંયુક્ત ચિહ્નવાળી હિંદુ ધર્મસ્થાનોની એમ વિવિધ પ્રકારની ધજાઓ જે-તે ધર્મસ્થાનકોની વિવિધતા દર્શાવે છે, ઓળખ પ્રસ્થાપિત કરે છે. સૂર્ય-ચંદ્ર સમગ્ર વિશ્વને પ્રકાશ આપે છે. તેથી આ બન્ને પ્રાકૃતિક ચિહ્નોનો ઉપયોગ ઘણી ધ્વજામાં થતો હોય છે. વળી, શ્રીરામ અને શ્રીકૃષ્ણના સૂર્યવંશ અને ચંદ્રવંશ સાથે પણ સંબંધ છે તે પણ જાણીતું છે.

જો આપ સૌએ જોયું હોય તો યાદ આવશે

કે નૂતન મકાનના વાસ્તુવખતે, પૂર્ણાહુતિ પ્રસંગે મકાનની ઉપર તેના ખૂણાઓ ઉપર ધ્વજાઓ ચડાવવામાં આવે છે.

જે-તે મંદિરોના વાર્ષિક પાટોત્સવો કે નાના-મોટા ઉત્સવો પ્રસંગે નવી ધ્વજા ચડાવતા હોય છે. ધ્વજા ચડાવતી વખતે તેનું પૂજન કરવામાં આવે છે. આરતી ઉતારવામાં આવે છે. ગોળ, ધાણા, ટોપરાનો પ્રસાદ વહેંચવામાં આવે છે.

ભુજ મંદિરે પ.પૂ.સ.ગુ. મહંતસ્વામી ધર્મનંદનદાસજી એ લીધેલા નિર્ણય પ્રમાણે મંદિર નવનિર્માણ પછી દરેક માસની શુક્લ એકાદશીએ દરેક દેવના શિખર ઉપર ધજા ચઢાવવામાં આવે છે.

કોઈપણ હરિભક્તને યજમાનરૂપે દેવોને ધજા ચડાવવાની ઉમેદ હોય તો તે યજમાન બનવાનો લાભ લઈ શકે છે. એવા ભક્તો કોઠારનો સંપર્ક કરવો.

# ભગવાનના ચરણની પ્રાર્થના

અહેવાલ : મોટાં ગાદી વાળાં

સર્વાધીશ પરમાત્માની દિવ્ય મૂર્તિમાં જીવાત્માની વૃત્તિમાં સંલગ્ન થાય તો એ જીવાત્મા જીવકોટિમાંથી મુક્તકોટિને પામે છે. તે માટે જીવાત્મા જો આ રીતે પ્રભુમાં વૃત્તિ રાખવાનો પ્રયાસ કરે તો અવશ્ય પ્રભુની કૃપા ફળે. તે માટે હે ભક્તો ! બને ત્યાં લગી માયિક ને નાશવંત એવાં આ જગતમાં જેટલું બ્રહ્માથી કીટ પર્યંતનું સુખ છે. તેને તુચ્છ જાણી, જે પરમાત્મા સુધી પહોંચવાનું લક્ષ્ય રાખી, આઠો પહોર પ્રભુમાં વૃત્તિ રાખવાનો જો નિદિધ્યાસ કરે તો, જરૂર સાક્ષાત્કાર થાય. તે માટે હવે મહારાજમાં કઈ રીતે હેત રાખવું. તેનાં અલ્પ માત્ર વચનો લખીએ છીએ. તે મનન કરવા યોગ્ય છે.

શ્રીજી મહારાજનાં ચરણમાં પ્રણામ કરતી વખતે કેવા ભાવથી દર્શન-પ્રણામ કરવાં. મહારાજનાં ચરણમાં પ્રથમ આપણું મસ્તક મૂકી દેવું. ને શ્રીજી મહારાજને રોમાંચિત ગાત્ર થઈ ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરવી કે હે મહારાજ ! હું મારું તન, મન, ધન સર્વસ્વ આપના ચરણમાં ભેટ ધરું છું. મહારાજ ! આપના ચરણ અતિ કોમળ છે, હે મહારાજ ! આપના ચરણનાં એક રોમમાંથી કોટાનકોટિ સૂર્યથી પણ અધિક પ્રકાશ નીકળે છે. તે પ્રકાશ શિતળ ને શાંત છે. હે મહારાજ ! તમારાં એક-એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડો અણુની પેઠે ઉડતા ફરે છે. હે પ્રભુ ! તમારા બન્ને ચરણ અતિ રસરૂપ છે. ચરણના તળિયા પુષ્પની પાંખડી જેવા કોમળ અને રક્ત છે. તેમાં રેખા થોડી-થોડી શ્યામ છે. આ રેખા જોવા મન એટલું આતુર થાય છે. કે, જેણે કરીને અમારામાં રહેલા જે વિષયરૂપી ઝેર પણ વિસરાઈ જાય છે. હે મહારાજ ! આપે જ્યારે કરણીબા પાસે કાંટા અંતઃશત્રુરૂપી કાંટા કાઢવા માટે આપે સોળ ચિહ્નનાં દર્શન કરાવ્યા હતા. તે સંસારની વાસના રૂપી મહાન કાંટા કાઢવા માટે હે પ્રભુ ! આપના ચરણનાં ચિહ્નોની ઝાંખી કરાવો.

હે મહારાજ ! આપના એક-એક ચિહ્નનો અપાર મહિમા છે. પુરાણોમાં તથા શેષ-શારદા આદિ દેવોને અપાર મહિમા ગાયો છે.

**જવ :-** આ ચિહ્નનું જો ધ્યાન કરે તો અમૃતરૂપી ભોજનનો ઓડકાર આવે છે. ને પંચવિષયરૂપી ઝેર ઉતારે છે.

**જાંબુ :-** જમણ ફળ આપે છે. જેથી તેનું ધ્યાન કરવાથી ભૂખ નાશ પામે છે.

**વજ :-** તેનું ધ્યાન કરવાથી પાપરૂપી જે મોટા પર્વતો, તેને ભેદી અને મનરૂપી પક્ષીની પાંખો કાપીને મહારાજની મૂર્તિમાં સ્થિર કરે છે.

**ઉર્ધ્વરેખા :-** તેનું ધ્યાન કરવાથી પાખંડ મતમાંથી જીવને પાછો લાવીને પ્રભુની સર્વોપરીતાનો શિશ્ચય કરાવીને ઉર્ધ્વગતિ આપે છે.

**ધ્વજ :-** કામરૂપી શત્રુને જીતીને માયિક સુખમાત્રની વાસના ટળાવે છે.

**કમળ :-** તેનું ધ્યાન કરવાથી તેના જેવા ગુણો આવે છે. તે સંસારમાં રહેવા છતાં સંસારથી પરાભવને પામતો નથી.

**અંકુશ :-** જેમ દારૂના કેફે ગાંડો થાય, તેમ વિષયથી ઉન્મત થયેલ મનને જીતીને વશ કરે છે.

**અષ્ટકોણ :-** અષ્ટ આવરણને ભેદી મહારાજની મૂર્તિનો ભોક્તા થાય છે.

**સ્વસ્તિક :-** તે અતિ મંગલકારી છે. તેનું ધ્યાન કરવાથી આત્યંતિક મોક્ષને પમાય છે.

**કલશ :-** સર્વોપરી જે ભગવાનનું ધામ તેને પામે છે.

**અર્ધચંદ્ર :-** અંતરમાં અતિ પ્રકાશ થાય. મન અતિ આનંદ પામે.

**વ્યોમ :-** નિષ્કામાદિક ગુણ આવે છે. ને આકાશની પેઠે નિર્લેપ થઈ ભગવાનની મૂર્તિના સુખને પામે છે.

**ગોપદ :-** જેમ એક નાનું ખાબોચિયુ ઉલંઘવામાં પરિશ્રમ નથી પડતો. તેમ સંસારરૂપી સમુદ્રને પરિશ્રમ વિના જે ગોપદનું ધ્યાન કરે છે તે તરી જાય છે.

**ધનુષ્ય :-** કોઈ પણ અંતઃ શત્રુ નડી શકતા નથી.

**ત્રિકોણ :-** ત્રિવિધ તાપને ટાળીને સ્થૂલ, સૂક્ષ્મ, કારણ આ ત્રણ દેહનો ત્યાગ કરી બ્રહ્મમય દેહને પામે છે.

**મિન :-** માછલા જેવા ગુણો પ્રાપ્ત થાય છે જે સંસારમાં રહે તો પણ સંસારરૂપી જળમાં પરાભાવ પામે નહિ. આમ, હે મહારાજ ! એક-એક ચિહ્નમાં અજોડ તાકાત છે.

# ભગવાનની પ્રાપ્તિનો માર્ગ

કૃપા ગોર-ભુજ

એક વ્યકિત ભગવાનની પ્રાપ્તિ કરવા માટે ખૂબજ પ્રવાસ કર્યો. ઘણાં મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારામાં ગયો. પણ તેમને કયાંય ભગવાનની પ્રાપ્તિ થઈ નહીં. રસ્તામાં તેને અનેક સંતો, મહંતો, ફકીરો, સૂફીઓ મળ્યા પણ કોઈએ પ્રભુના દર્શન કરાવ્યાં કે ન પ્રભુ પ્રાપ્તિ કરાવી. તેમી શોધ અધૂરી રહી. એક દિવસ તેમને જાણવા મળ્યું કે બાજુના ગામમાં એક સંતપુરુષ આવ્યા છે તે ઘણા જ્ઞાની છે. ઘણા લોકોને તે સાચો રસ્તો બતાવી તેમની જિંદગી બદલાવી નાખી છે. તે વ્યકિત સંતપુરુષ પાસે ગઈ.

સંતપુરુષને કહે : ' ભગવાન શું કરવાથી મળે ?' સંતપુરુષ તેમની સામે એક નજરે જોવા લાગ્યા પછી કહ્યું, ' તમારે ભગવાનને પ્રાપ્ત કરવા છે, એ અંગે ચર્ચા થાય. ઘણા મહાત્માઓ પ્રસંગ દ્વારા જે સૂચવે છે તે માર્મિક હોય છે. કહેવા કરતાં

અનુભવ કરવો, એ જ્ઞાન મેળવવાની ઉત્તમ રીત છે. માટે તું કાલે સવારે નદી કિનારે આવજે. હું તને ભગવાનની પ્રાપ્તિ કરાવીશ.

બીજા દિવસે પેલી વ્યકિત નદી કિનારે ગઈ. સંતપુરુષ તો પહેલેથી નદી કિનારે હતા. પછી બંને નદીના પાણીમાં ગયા. વાતો કરતાં સંતપુરુષે તે વ્યકિતને પાણીમાં ડુબાડી દીધી થોડીવાર પછી તેનો હાથ પકડી બહાર કાઢીને પૂછયું, ‘ તને શું થતું હતું ?’ તે વ્યકિત ગુસ્સામાં હતી તે કહે : ‘જીવ ગયો કે જશે એમ થતું હતું, તેથી હું બહાર નીકળવાને તરફડિયાં મારતો હતો.’

સંત પુરુષે તે ઉપરથી તેને સમજાણ આપતાં કહ્યું ‘ જયારે તને પાણીમાં ડુબાડી રાખ્યો હતો ત્યારે તું હવા મેળવવા કેવો તરફડિયા મારતો હતો, એવી રીતે જયારે તારો જીવ ભગવાનને મેળવવા માટે એ પ્રમાણે તરફડિયાં મારશે ત્યારે તને ભગવાનના દર્શનનો લાભ થશે.’ ભગવાનને પ્રાપ્ત કરવાનો માર્ગ ખૂબજ કઠિન છે. કદાચ આપણે ભગવાનને મેળવવા અનેક પ્રયાસો કરશું તો ભગવાન ગમે તે સ્વરૂપે આવી આપણી કસોટી જરૂર કરશે. તેથી જ તો કહેવાયું છે કે

“ ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો, પ્રભુ મારા વંદન ! પ્રભુ મારા વંદન ”

અસ્તુ, જયશ્રી સ્વામિનારાયણ

# સદાચારનું ઉલ્લંઘન એટલે પૂર્ણ પતન

હિંમતભાઈ ઠક્કર(રઘુવંશી)

-શિક્ષાપત્રી શ્લોક-૯ નો અર્થ

કુબુદ્ધિવાળા જે મનુષ્યો સચ્છાસ્ત્રોમાં કહેલા અહિંસાદિક સદાચારોનું ઉલ્લંઘન કરીને ઈચ્છાનુસાર વર્તન કરે છે તે મનુષ્યો તો આ લોકમાં અને પરલોકમાં મહાદુઃખિયા થાય છે.

શ્રીજી મહારાજનું સ્પષ્ટ કહેવું છે કે, સદાચારનું ઉલ્લંઘન અને સ્વેચ્છાચારી વર્તનનું પરિણામ છે અનિર્વચનીય દુઃખ.

શ્રી મદ્ ભગવદ્ગીતા કહે છે - યઃ શાસ્ત્ર વિધિમૃત્સૃજય વર્તાતે કામકારતઃ । ન સ સિદ્ધિમવાપ્નોતિ ન સુખંન પરાંગતિમ ।। સ્વેચ્છાચારી લોકો આ લોકમાં કોઈ સિધ્ધિને સુખ પામતા નથી અને મહાદુઃખિયા થાય છે. અને પરલોકમાં પણ સારી ગતિ પામતા નથી.

શ્રીમદ્ ભાગવતમાં પણ આ વાતની પૂષ્ટિ મળે છે.

વળી તેમાં જણાવેલ અજામેલ તો કુમાર્ગના અંતિમ ચરણો સુધી પહોંચી ગયેલ પણ અંતકાળે પુત્ર નારાયણને વારંવાર સંભાળતા પરિણામે, સમગ્ર જીવનમાં કરેલા કૂડા અને અધમ કર્મોને પરિણામે, એક બાજુ યમદૂતો તેને પાશનાખી નર્કમાં લઈ જવા હાજર થઈ ગયા તો બીજી બાજુ નારાયણ નામ રટણથી વિષ્ણુ ભગવાનના પાર્ષદો પણ હાજર થઈ જતાં બન્ને વચ્ચે ખેંચાખેચી ચાલી.

આપણે બુદ્ધિજીવી મનુષ્યો અજામેલતો નથી જ તોયે સંસારી હોઈ આ પૌરાણિક કથા આપણું વધુ પતન ન થાય તે માટે સાવધાન કરે છે.

શ્રી હરિના અભિપ્રાય પ્રમાણે પ્રત્યેક માનવ બન્ને હેતુઓ સાથે શિક્ષાપત્રીને ધારણ કરે તો અવશ્ય મહાસુખિયો થાય. તેથી આપણે નિષ્ઠાવાન સત્સંગી હોતાં મર્યાદાઓનો ત્યાગ તો નહીં જ કરીએ. આ બન્ને હેતુઓ સાથે મનનું એકાગ્રતાથી અવધારણ કરી મળેલ અમૂલ્ય માનવ દેહને મોક્ષધામે જ લઈ જવાનું

છે. આપણા સૌના ગુડ ગાઈડ તો શ્રીજી મહારાજ છે જ ને. આડબીડ જંગલમાં ગાઈડ રસ્તે ચઢાવેને જો ન ચડ્યા તો ઘનઘોર વન-વગડો રવાડે ચડાવે.... તો યાદ રાખજો -

'કામીતો લંપટ ઠરે;

ક્રોધી સત્યાનાશ કરે;

લોભી ભેળું કરી મરે;

મદાધતા આનંદ હરે;

મોહ તપસ્યા ભંગ કરે;

મત્સર આયખું હરે ;

અનુસરીએ શિક્ષાપત્રી;

તો, પરમધામ મળે..!

શિક્ષાપત્રી પ્રતિપાદિત કરે છે કે કુબુદ્ધિ સદ્‌શાસ્ત્રોનું ઉલ્લંઘન કરાવે. ગેરમાર્ગે દોરે અને અવડચંડાઈ કરાવે. કૂડાને ન કરવા જેવાં વર્જ્ય કર્મો કરાવીને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારને કદાવિયો બનાવી મનુષ્ય જીવનને ગંધાવે. શું કરવું એ આપણા હાથમાં છે.

પ્રભુએ માનવને શાસ્ત્રકથન પ્રમાણે પ્રભુમાં જેવી સૃષ્ટિ સર્જનની શક્તિઓ વિધમાન છે તેવીજ માનવની પોતાની આગવી સૃષ્ટિ સર્જન કરી શકવા ની ક્ષમતા બક્ષેલી છે જ. બાળક તો કોરી પાટી છે. તેના પર જે લખશો તે દેખાશે, વંચાશે ને સમજાશે. અક્ષરનો એક અર્થ છે વર્ણ....ક..ખ..ગ..ઘ કે A..B..C..D અને બીજો અતિ દિવ્ય અર્થ છે અવિનાશી. શું લખવું તે તો આપણું મગજ નિર્ણય કરશે ને આંગળીઓ લખશે.

શાસ્ત્રો તો મૂળાક્ષરોથી અવિનાશી સુધીની - અક્ષર યાત્રા કરાવે છે. આવા દિવ્ય મૂળાક્ષરો ઘૂંટાળવાવાળા સદ્‌ગુરુની જ આપણને જરૂર છે, નહીં કે રોટી, કપડાં, મકાનને રળીલાવી, અહંકેન્દ્રી બનાવતા શિક્ષણ કે અક્ષરની.

**। घनश्यामशरणागस्तोत्रम् ।**

। वसन्ततिलकावृत्तेन गीयते ।

**रचयिता - डो. स्वामी सत्यप्रसाद दासजी (वेदान्ताचार्य)**

हे भक्तनाथभयनाशन ! मोक्षदायिन् !
हे भूमिपाल विमलस्मरणीयमूर्ते !
हे विश्वदेव ! सततं करुणानिधान !
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ।। १ ।।

हे विश्वपाः ! मुनिपते सकलान्तरात्मन् ।
हे सत्यपाः सुरपते नरकान्तकारी ।
हे दीनपाः जनपते रमणीयमूर्ते ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ।। २ ।।

श्रीपुष्पमालरमणीय सुकण्ठकृष्ण !
राधारमार्चितपाद ! स्मरणीय ! नित्यम् ।
दैतेयमर्दन ! सदा शरणाश्रितात्मन् !
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ।। ३ ।।

गोविन्द ! पूर्वशितिकण्ठसुरैः सुपूज्य !
आबालवृद्ध सकलैः परिवन्दनीय ।
धर्ता सुदर्शनमणिपाञ्चजन्यान् ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ।। ४ ।।

वैकुण्ठ ! केशव ! हरे ! निजभक्तनाथ !
साकार ! सद्गुण ! सदामुनिवन्दनीय ।
दिव्याऽति निगुण ! सदा स्मरणीय काले ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ।। ५ ।।

हे मुक्तनाथ ! जनवन्दितपुण्यपाद !
नारायण ! त्रिभुवनसुखदर्शनीय ।
दिव्याकृते कृपथखण्डन ! काममोहिन्
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ।। ६ ।।

सर्वत्र ! दिव्यगुणसागर ! देवदेव !
कण्ठे सदा कुसुममण्डितगंधमाला
ब्रह्माऽक्षराखिलजनेश्च सुशान्तमूर्ते ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ।। ७ ।।

श्रीरामकृष्ण करुणारसरूपधारिन् ! ।
श्रीधर्मजात निगमागमवन्द्यमूर्ते।
श्रीसत्यस्वामीन् ! हरिकृष्ण ! मुने ! सदावै ।
मां पाहि पाहि घनश्याम ! शरण्य ! भूमन् ।। ८ ।।

# સંસ્થા સમાચાર

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.**

## ભુજ મંદિરના ૭ મંડળના સંતોની વર્ષ માટે સેવાની વરણી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ સત્સંગના સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતની અધ્યક્ષતામાં સંતોની જનરલ મીટીંગમાં નીચે મુજબના મંડળધારી સંતોને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ-અલગ સેવા સોંપવામાં આવી છે. તે સેવા નીચે મુજબના સંતો સંભાળે છે.

**ભુજ : સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીના મંડળને :** શ્રી નરનારાયણાદિ દેવોની સેવા-પૂજા કરવી.

- આફ્રિકા ખંડમાં રહેતા ભક્તોને સત્સંગનો લાભ આપવા માટે આફ્રિકા દેશમાં સત્સંગ વિચરણ.

- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-રાપર (વાગડ)નું સંચાલન કરવું.

**માંડવી : સ.ગુ. પુ. સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળને :** માંડવી શ્રી વૃંદાવનવિહારી શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી.

- ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા ભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.

- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-નારાણપરનું સંચાલન કરવું.

**અંજાર : સ.ગુ.પુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળને :** અંજાર શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી.

- ગાંધીધામ, સિનુગ્રા, કુંભારીયા, નિંગાળ આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો, પારાયણો ઉજવવી.

- લંડન હેરો મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે યુ.કે.ના પ્રવાસે સત્સંગ વિચરણ.

- શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવાનું સંચાલન કરવું.

**સુખપર દેશ : સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજીના મંડળને :** સુખપર દેશમાં આવતા ગામડાઓ - સુખપર, નરનારાયણનગર, મદનપુર, બળદિયા ઉ.વા., બળદિયા ની.વા. કુન્દનપુર, કેરા, કોડકી, ભક્તિનગર, માનકુવા, ફોટડી, મુન્દ્રા, ગેલડા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

- શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું.

**રામપર દેશ : સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના મંડળને :** રામપર દેશમાં આવતા ગામડાંઓ - મિરજાપુર, સુરજપર, નારાણપર ઉ.વા., નારાણપર ની.વા., મેઘપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર ન.વા., રામપર જુ.વા., સામત્રા, વેકરા, વાડાસર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.

- શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લા-મુંબઈનું સંચાલન કરવું.

**અબડાસા દેશ : સ.ગુ. મહંત સ્વામી પુ. ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીના મંડળને :** અબડાસા દેશમાં આવતા ગામડાઓ - રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા સાથે ભારાસર, સુખપર-રોહા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.

- વિલ્સડન લંડન આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા. યુ.કે.માં સત્સંગ વિચરણ.



ગુરૂપૂર્ણિમા દિને
શ્રી નરનારાયણદેવનું
પૂજન કરતાં સંતો
તેમજ મહાઆરતી
કરતાં હરિભક્તો.



ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ઉજવાયેલ રાત્રીય સત્સંગ સભા
વક્તા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા ઉપસ્થિત સંતો તથા હરીભક્તો.





પ્રસાદી મંદિરમાં પંચાહ્ન પારાયણ પ્રસંગે કથાનું રસપાન કરાવતાં વક્તાશ્રીઓ
તથા કથામૃતનું રસપાન કરતા સત્સંગી ભાઈઓ તથા બહેનો



પ્રસાદી મંદિરમાં ઠાકોરજીને એ.ઈ. અર્પણ કરતાં
પ.ભ. કાનજીભાઈ – રોહા સુખપર



શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળામાં વિદ્યાર્થી સંતો દ્વારા વિદ્યાગુરૂ પૂજન
બાદ વિદ્વાનો તથા વિદ્યાર્થી સંતો તથા સંચાલકો





હિંડોળા ઝૂલતા શ્રી ઘનશ્યામ મહારાજ – ભુજ



અષાઢી બીજ કચ્છી નવા વર્ષે રથયાત્રા
ઉત્સવમાં શ્રી ઠાકોરજી – ભુજ





શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં હિંડોળા ઉત્સવ પ્રસંગે તા. ૨-૮-૨૦૧૩ ના ભવ્ય અને દિવ્ય પુલહાશ્રમ મુક્તિનાથ ઉદ્‌ઘાટન



શ્રી ઘનશ્યામ બાળ મંડળના બાળકોનો સત્સંગ પ્રવાસ – નરનારાયણ નગર



પૂનમના દિવસે વિશેષ પૂજન કરતાં બહેનો – ભુજ






વિલ્સડન રજત જયંતિ મહોત્સવ તથા પાટોત્સવ પ્રસંગે ભુજ મંદિરમાં સપ્તાહ પારાયણમાં ઉપસ્થિત સંતો તથા ગામે ગામના હરિભક્તો – ભુજ











દુષ્કાળ ગ્રસ્ત દૂર દૂર વિસ્તારમાં ભુજ મંદિર તરફથી અપાતો ગાયોને ચારો









ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ઉજવાયેલ રાત્રીય સત્સંગ સભા
ઉપસ્થિત સંતો તથા સાંખ્યયોગી બહેનો તથા કર્મયોગી બહેનો.

- ભુજ પ્રસાદી મંદિરનું સંચાલન કરવું.
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામનું સંચાલન કરવું.

**વાગડ દેશ : સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીના મંડળને :** વાગડ દેશમાં આવતા ગામડાઓ - માધાપર, હરિપર હીરાપર, ધાણેટી, દૂધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા, ભચાઉ, નવાગામ, ખારોઈ, મનફરા, ચોબારી, આધોઈ, સરદારનગર, ચીરઈ, નવી ચીરઈ, ભીમાસર, રાપર, રત્નેશ્વર, ઉમીયા, નવાપરા, સેલારી, કલ્યાણપર, કંથકોટ, પદમપર, આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી.
- ભારતદેશમાં જ્યાં-જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગ વિચરણ.
- શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવીનું સંચાલન કરવું.

**:: ભુજ મંદિરની સ્થાનિક સેવામાં સંતોની વરણી ::**

**મુખ્ય કોઠારી :** સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબલ દાસજી.

**શ્રી નરનારાયણ ભોજનાલય :** સ્વામી દિવ્યસ્વરૂપદાસજી.

**ઉપકોઠારી :** સ્વામી ઘનશ્યામસેવક દાસજી, સ્વામી રઘુવિરચરણ દાસજી.

**પાકશાળા તથા છાશ :** સ્વામી ઘનશ્યામપ્રિય દાસજી, પુ. સ્વામી સારયૂદાસાજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી ત્યાગવલ્લભ દાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી,

**સંતોનો ભંડાર :** સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી મુનીશ્વરદાસજી.

**શ્રીરામ મંદિર આદિ દેવોના પુજારી :** સ્વામી વાસુદેવપ્રસાદદાસજી.

**લાઈટ :** સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી.

**વાડી તથા ગૌશાળા :** સ્વામી જગજીવનદાસજી, સ્વામી હરિસેવકદાસજી, સ્વામી અદ્ભુતચરણ દાસજી, સ્વામી સરયૂદાસજી.

**પાણીની વ્યવસ્થા :** સ્વામી શ્રીવલ્લભદાસજી.

**સુવર્ણ હિંડોળા :** પુજારી સંતોનું મંડળ.

**હિંડોળા :** સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી શ્રીજીપ્રકાશ દાસજી, સ્વામી સરયૂદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી. સ્વામી પુરુષોત્તમચરણ દાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી મુનીશ્વરદાસજી.

---

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**:: સંતોનું વિદેશ પ્રસ્થાન ::**

મહંત સ.ગુ. પુરાણી સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીના આશીર્વાદ સાથે ભુજ મંદિરના સંતોએ વિદેશમાં વસતા હરિભક્તોને દર્શન, કથા-વાર્તા તથા સત્સંગનો ૬ માહિના સુધી લાભ આપવા તા. ૨૧-૬-૨૦૧૧ ના રોજ વિદેશ જવા પ્રયાણ કર્યું.

નીચે જણાવેલ સંતો ભુજથી વિમાન માર્ગે મુંબઈ લંડન (યુ.કે.) જવા સિધાવ્યા. (૧) પુ. સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી (૨) શા. સ્વામી ભક્તવત્સલદાસજી (૩) પુ. સ્વામી હરિમુકુંદદાસજી (૪) ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી (૫) પુ. સ્વામી શ્યામકૃષ્ણદાસજી (૬) સ્વામી ન્યાલકરણદાસજી.

**:: ધ્વજારોપણ : નિયમની એકાદશી ::**

૧૯૦ વર્ષ પહેલાં શ્રીજી મહારાજે તા. ૧૫-૫-૧૮, સંવત ૧૮૭૯, વૈશાખ શુક્લ ૫, ના રોજ શ્રી નરનારાયણદેવની ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠા કરી. આ પ્રસંગે હીરજીભાઈ સુથારે મંદિર

ઉપર કળશ અને ગંગારામભાઈ મલ્લે ધ્વજારોપણ કર્યું હતું. ધજારોપણનો મહિમા પ્રાચીન, મધ્યકાલિન સમયથી આજપર્યંત ધ્વજારોપણ ઉત્સવથી મનાવવામાં આવે છે.

સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિએ પણ પોતાના 'પુરુષોત્તમપ્રકાશ' શાસ્ત્ર ગ્રંથમાં ધ્વજારોપણ મહત્તાની નોંધ લીધી છે.

**:: સપ્તાહ પારાયણ ::**

ભુજ મંદિરે ચાતુર્માસની કથાનો આરંભ અષાઢ સુદ ૮ થી કરવામાં આવ્યો. વિલ્સડન મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ભુજ મંદિરે પણ કથા પારાયણ ચાલુ હોઈ ચાતુર્માસ કથાનો પ્રારંભ સુદ ૯ થી કરવામાં આવ્યો. શા. સ્વામી ધર્મવિહારીદાસજી, સ.ગુ. સ્વામી શતાનંદમુનિએ રચેલ શિક્ષાપત્રી ભાષ્યની કથા સંભળાવી રહ્યા છે. શા. શુકમુનિદાસજીસ્વામી શ્રીમદ્ ભાગવતના દરેક શ્લોક પર વિવેચન કરી મનન-ચિંતન કરવા યોગ્ય વિષયોને સરળ રીતે હરિભક્તોના અંતરમાં ઉતારી સૌને ભગવાન સહજાનંદસ્વામીના આજ્ઞા વચનોની આનંદ અનુભૂતિ કરાવી રહ્યા છે.

**:: રથ યાત્રા ::**

આષાઢી બીજના દિવસે ઠાકોરજીએ બે અશ્વ જોડેલા રથમાં સવારી કરી. સંતોએ રંગબેરંગી ફૂલમાળાઓથી સજાવેલા રથમાં બિરાજમાન ઠાકોરજીનાં દિવ્ય દર્શન કરી હરિભક્તો રાજી થયા હતા.

**:: ગુરૂપૂર્ણિમાં ::**

તા. ૨૨-૭-૨૦૧૩ આષાઢ સુદ-૧૫ના રોજ સવારના ભાગમાં ગુરૂણાં ગુરૂ એવા શ્રી નરનારાયણ આદિ દેવોનું મંત્રપૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું અને પૂજન બાદ આરતી સ્તુતી પ્રાર્થના કરવામાં આવી હતી. સાંજે સંધ્યા આરતીમાં મહા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બન્ને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હરિભક્તો સહભાગી થયા હતા.

**:: ઘનશ્યામ બાલ મંડળ : ચાતુર્માસના નિયમો ::**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે દર રવિવારે સવારે મળતી ઘનશ્યામ બાલમંડળની સભાના બાળકોએ દેવશયની એકાદશીના સોમવાર હોવાથી તેની પૂર્વસંધ્યાએ આગળના દિવસે રવિવારની બાળસભામાં ચાતુર્માસ વિશેષ નિયમ લીધા હતા. લેવામાં આવેલા નિયમોમાં દંડવત્ પ્રદક્ષિણા, વગેરેની એકંદર સંખ્યા આ પ્રમાણે થઈ હતી : દંડવત્-૯૩, પ્રદક્ષિણા-૫૦, માળા પ્રદક્ષિણા-૪૦, ઠાકોરજીના દરેક સ્વરૂપ આગળ ૨-૨ માળા-૧, ઠાકોરજીના દરેક સ્વરૂપ આગળ ૬-૬ દંડવત્-૧, બાળચરિત્ર વાંચન-૧. આ વિગત ૧૩ બાળકોએ લીધેલા નિયમોની છે.

આ ઉપરાંત બાળમંડળના દરેક બાળકે મંદિરમાં ક્યાંય કચરો ન કરવો, ક્યાંય કચરો દેખાય તો ઉપાડીને યોગ્ય સ્થળે નાખી દઈને મંદિરને સ્વચ્છ રાખવાનો નિયમ લીધો હતો.

# હિંડોળા ઉત્સવ

પવિત્ર ચાતુર્માસ અંતર્ગત શ્રાવણ મહિનામાં હિંડોળા ઉત્સવ સમગ્ર સંપ્રદાયમાં ઉજવાય છે. જ્યારે ભુજ મંદિરમાં ઉજવાતા હિંડોળા અતિ દિવ્ય અને રચનાત્મક હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી નરનારાયણદેવ આગળ ભવ્ય કલાત્મક હિંડોળા ઉત્સવ શરુ થઈ ગયા છે. હજારો ભક્તો ગામડાઓના તથા શહેરના લાભ લઈ રહ્યા છે. દર્શન સમય બપોરે પછી ૩-૩૦ થી રાત્રે ૮-૩૦ સુધી.

**વિશેષ હિંડોળા ઉદ્‌ઘાટન**

તા. ૨-૮-૨૦૧૩ના રોજ બપોર પછી ૪:૦૦ વાગ્યે પુલહાશ્રમ તથા મુક્તિનાથ ભગવાનના દર્શનને તાદશ કરતા ચિત્રોનું ઉદ્‌ઘાટન થશે. સાથે૧૦૮ ગૌમુખ તથા ગંડકી નંદી હિંડોળા તેમજ અન્ય પ્રદર્શન પણ ગોઠવાયેલ છે. તો આવા રૂડા

અવસરે સમગ્ર ભક્તોને દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

**પંચાહ્ન પારાયણ**

ગામ સુખપરના પ.ભ. ધનજીભાઈ નારણ વાગજીયાણી ધ.પ. કાનબાઈ તરફથી ભુજ મંદિરમાં ૫ દિવસનું પારાયણ રાખેલ હતું. સવારે શ્રી શિક્ષાપત્રી તથા બપોર પછી શ્રીમદ્ ભાગવતનું પુ. સ્વામી ધર્મવિહારીદાસજી તથા શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજી આ બન્ને વક્તાઓ પોતાની શૈલીમાં સંભળાવી ભક્તોને આનંદિત કર્યા હતા.

કથાના છેલ્લા દિવસે મંદિર તરફથી પહેરામણી તથા આશીર્વાદની સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

# ગુરુપૂર્ણિમા ઉત્સવ

અષાઢ સુદ પૂનમનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા. આ દિવસને વ્યાસપૂનમ તરીકે પણ ઓળખાય છે. 'ગુરુ' એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર. ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી.આર્થિક, શારીરિક, માનસિક દરેક ક્ષેત્રે વિકાસ માટે ગુરુની જરૂર પડે છ. પણ ખરું મહત્ત્વ આ જીવને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. અને જન્મ-મરણના બંધનમાંથી મુક્ત કરાવે એજ સાચા ગુરુ છે. આવા ગુરુના જીવ ઉપર અનેક ઉપકાર રહેલા છે. વડીલ સંતોના આશીર્વાદથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ભુજના યુવાનો તા.૨૦થી૨૨ જુલાઈ રાત્રે ૯:૦૦થી૧૦:૩૦ વાગ્યા દરમિયાન ત્રિ-રાત્રીય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું. અનેક સમસ્યાથી વિટળાયેલા માનવીને આર્થિક, કૌટુંબિક,આધ્યાત્મિક ક્ષેત્રે ગણુ બધું કરવાની ઈચ્છા હોય છે.પણ તેને યોગ્ય માર્ગદર્શન હોતું નથી. તેથી જ સભાને યોગ્ય માર્ગદર્શન અપાયું. જીવન નિર્માણ માટે શું ? આ સભામાં વક્તા શાસ્ત્રી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની આગવી શૈલીમાં લાભ આપ્યો.

ત્રિ-રાત્રીય સત્સંગ સભાને તા.૨૦-૭ના રાત્રે નવકલાકે શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરના પ્રાંગણમાં સ.ગુ.શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, શ્રી ભક્તિવલ્લભ સ્વામી, શ્રીહરિબળ સ્વામી, પાર્ષદ શ્રી જાદવજી ભગત તથા ટ્રસ્ટી મંડળની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા શરૂ કરવામાં આવી. યજમાન હરિભક્તોએ શાસ્ત્ર તથા વક્તાનું પૂજન કર્યુ. શાસ્ત્રી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપદાસજીએ 'જીવન નિર્માણ માટે શું ?' એ વિષય અંતર્ગત. નિર્માણ માટે ખપ(જરૂરિયાત), વિચાર, માર્ગદર્શન, સાધના આ મુદાઓ પર વિસ્તુત સમજણ આપી હતી. જરૂરિયાત જ નિર્માણનું સાધન બને છે. માતા-પિતાએ બાળકોના જીવન નિર્માણ માટે સમય ફાળવવો પડશે, કૌટુંબિક સમસ્યાઓ માટે કોર્ટના શરણે નહિ પણ કુટુંબના વડીલોના શરણે જવાની જરૂર છે. લગ્ન વિચ્છેદમાં પતિ-પત્ની તો પોતાના માર્ગ ઉકેલ મેળવી લે છે. પણ સંતાનોની જીંદગી બરબાદ થઈ જાય છે. ક્ષમા આપવી. અને ક્ષમા માગવી એ બને એટલાજ જરૂરી પણ છે. યથા સમયે ક્ષમા માગવાથી અને ક્ષમા આપવાથી આંતરીક શાંતિ પ્રાપ્ત કરી શકાય છે. વગેરે બાબતો પર શાસ્ત્રી સ્વામીએ યથાજ્ઞાન આપ્યુ હતું.

મંદિરમાં નિયમિત આવવું, ધર્મ-નિયમમાં રહેવું, સંત સમાગમ કરવો, સત્સંગ સભામાં અચૂક હાજરી આપવી વગેરે મુદાપર ભાર મૂકવામાં આવ્યો હતો. રાત્રિની સભામાં વિશાળ સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહીને લાભ લીધો હતો. હરિભક્તોની સંખ્યામાં મોટા ભાગે યુવાનો જોડાયા હતા. ભુજ તથા આજુબાજુના ગામોમાંથી હરિભક્તોનો પ્રવાહ એટલો

હતો કે મંદિરનું વિશાળ પ્રાંગણ પણ નાનું પડ્યું હતું. ગુરુપૂર્ણિમાની રાત્રે સભામાં વડીલ સંતોએ આશીર્વાદ આપતા ખૂબજ રાજીપો વ્યક્ત કર્યો, રાત્રિસભા બાદ સંતોના પૂજનનો લાભ સૌ હરિભક્તોએ લીધેલ. બહેનોએ સમગ્ર સત્સંગના મહંતશ્રી સામબાઈ ફઈનું પૂજન કરેલ. સભાનું સંચાલન તથા માર્ગદર્શન શાસ્ત્રી સ્વામી શ્રી અક્ષરપ્રિયદાસજીએ તથા પાર્ષદ ખીમજી ભગતે પુરું પાડ્યું હતું. ઉત્સવમાં યુવક મંડળના સંતો તથા કોઠારી સ્વામી ભગવતજીવનદાસજી, દિવ્યસ્વરૂપદાસજી સ્વામી, ધર્મસ્વરૂપદાસજી સ્વામીએ સાથે રહીને સફળતા અપાવી હતી. ત્રણે રાત્રે સભાબાદ પ્રસાદ માટે અલગ-અલગ વાનગી બનાવવામાં યુવતી મંડળે પણ ખૂબ જ સેવા કરી હતી.

તા. ૨૨-૭-૧૩ના આષાઢ સુદ-૧૫ના રોજ સવારના ભાગમાં ગુરૂણાં ગુરુ એવા શ્રી નરનારાયણાદિ દેવોનું મંમપૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું અને પૂજન બાદ આરતી સ્તુતી પ્રાર્થના કરવામાં આવી હતી. સાંજે સંધ્યા આરતીમાં મહાઆરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બન્ને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હરિભક્તો સહભાગી થયા હતા.

અહેવાલ :- સંજયભાઈ અનમ

## પ્રસાદી મંદિર ભુજમાં ઉજવાયો શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ

પ્રસાદી મંદિરમાં બિરાજમાન બાળસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની કરૂણાથી તેમજ ભુજ મંદિરના મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, તેમજ બીજા નાના-મોટા સર્વે સંતોના આશીર્વાદથી તા.૨૧-૬-૧૩ થી ૨૫-૬-૧૩ સુધી ભગવાન અને સંત-ભક્તોની પ્રસન્નતાર્થે 'શ્રી મદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન' પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ અતિ ધામધૂમથી અનેરા આનંદથી સાથે ઊજવાયો હતો.

આ પારાયણમાં પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી અને પુરાણી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ વ્યાસપીઠ પર વિરાજી એક-એક પ્રેમી ભક્તોની કથાને પોતાની સુમધુર વાણીથી ઊંડાણ પૂર્વક છણાવટ કરી શ્રોતાજનોને ભક્તિશાસ્ત્રની કથામાં આનંદીત કર્યા હતા.

કથાની શુભ શરૂઆત ઠાકોરજી તથા ગણપતિના પૂજનથી કરવામાં આવી હતી. પ્રસાદી મંદિરસ્થ શ્રી ઘનશ્યામ મહારાજનાં દિવ્ય સાનિધ્યમાંથી કથાના મુખ્ય યજમાનશ્રી તથા તેમના સગા-સંબંધીઓ પોથીનું પૂજન કરી બેન્ડપાર્ટીના સૂરોની સાથે પોથીને સભામંડપમાં લાવ્યા હતા. ત્યારપછી પ્રસાદીમંદિરના મહંત સદ્.પુ.સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજી, સદ્ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, પુરાણી સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા પુરાણી સ્વામી શાન્તિપ્રિયદાસજી વિગેરે નાના-મોટાં સંતોએ દીપપ્રાગટ્ય કરી શ્રીમદ્ સત્સંગીભૂષણ કથાની શુભ શરૂઆત કરાવી હતી.

આ મહોત્સવના યજમાન પદે ગામ મદનપુરના પ.ભ.શ્રી ધનજીભાઈ હિરજી હીરાણી સહ પરિવાર રહ્યા હતા.

કથામાં આવતાં પ્રસંગોને કીર્તન તેમજ ચોપાઈઓનાં રૂપમાં સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજીએ પોતાના સુમધુર કંઠે ગાઈને શ્રોતાજનોને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

યજમાનશ્રીના આમંત્રણને માન આપીને ચોવીસી વિસ્તારમાંથી મોટી સંખ્યામાં સાંખ્યયોગી બાઈઓ પધારી કથા-પ્રસંગને શોભાવ્યો હતો. તેમજ પાંચે પાંચ દિવસ આ કથાનું લાઈવ બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું.

અહેવાલ :- પુરાણી સ્વામી કૃષ્ણવલ્લભ દાસજી, ભુજ.

# પ્રસાદી મંદિર ભુજના આંગણે ભવ્ય હિંડોળા તથા પ્રદર્શનનું શુભ ઉદ્‌ઘાટન

પ્રસાદી મંદિર ભુજના આંગણે ભવ્ય હિંડોળા તથા પ્રદર્શનનું શુભ ઉદ્‌ઘાટન તા.૬-૮-૨૦૧૩ ના અમાવાસ્યાના દિવસે રાખેલ છે. તેની સાથે કલાત્મક હિંડોળાના દર્શન તથા આલોકમા જીવાત્માઓની પાપ-પુણ્ય કર્મ દ્વારા જે ગતી થાય છે. તેને દર્શાવતું સ્વર્ગ-નરક અને અક્ષરધામનું દર્શન પણ થશે. આ પ્રસંગે સૌ ભક્તોને દર્શનનો લાભ લેવા વિનંતી.

# શ્રી નરનારાયણાદિ દેવોના શિખરો ઉપર ધ્વજારોહણ

અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ, પૂર્ણ પુરૂષોત્તમ શ્રી ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાને ભુજધામમાં સ્વહસ્તે મહાપ્રતાપી શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા છે. ભુજધામમાં શ્રી નરનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી ઘનશ્યામ મહારાજ આજે પણ સર્વેની મનોકામના પૂર્ણ કરે છે. સર્વે સત્સંગી હરિભક્તોને સુખીયા કરે છે. દેવોના શિખર ઉપર ધ્વજા ચડાવવાથી અનંત જન્મોના દુઃખ દૂર થાય છે. સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધે છે. આવો શિખર ઉપર ધ્વજા ચડાવવાનો બહુ મોટો મહિમા છે. દરમાસની સુદ-અગિયારસે શ્રી નરનારાયણ દેવ આદિ દેવોના શિખર ઉપર ધ્વજા ચડાવવામાં આવે છે.

અષાઢ સુદ-૧૧ તા. ૧૯-૭-૨૦૧૩ના શુક્રવારે દેવોના શિખરો પરની ધ્વજા ચડાવનાર ભાગ્યશાળી યજમાનશ્રીઓએ લાભ લીધો હતો.

**બધાય દેવોના શિખરની ધ્વજાના યજમાન**

- રિયલ ઈન્ડસ્ટ્રીઝ - રાજકોટ હ. ધ.પ. ઈન્દુલાલ ગોરધનદાસ હિરાણી યજ્ઞેશકુમાર જેરામભાઈ મકવાણા, ભગવાનભાઈ મોહનભાઈ પનારા તરફથી હ. જીતુભાઈ - ભુજ

**શ્રી નરનારાયણ આદિ દેવનો શિખરની ધ્વજાના યજમાનો**

- પ.ભ. વત્સલ પ્રકાશભાઈ જેઠી
- પ.ભ. મનજીભાઈ વેલજી કરસન વેકરીયા, સામબાઈ માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. અમરબાઈ કલ્યાણ મેઘજી હાલાઈ - મીરઝાપર
- પ.ભ. રતનબેન શીવજી વાઘજી હિરાણી - મીરઝાપર
- પ.ભ. રામબાઈ માધવજી પિંડોરીયા - મીરઝાપર
- પ.ભ. નરેન્દ્રભાઈ માધવજી પિંડોરીયા - મીરઝાપર
- પ.ભ. હરીશભાઈ માધવજી પિંડોરીયા - મીરઝાપર
- પ.ભ. દક્ષાબેન હિરજી ભુડીયા - ફોટડી
- પ.ભ. દિનેશભાઈ વિશ્રામ ભુડીયા - માધાપર
- પ.ભ. ભીખાલાલભાઈ નારણ વેકરીયા - સુખપર
- પ.ભ. કલ્યાણભાઈ વાલજી વેકરીયા - રામપર-વેકરા
- પ.ભ. દિપકભાઈ જયંતીલાલ સુતાર -રાપર
- પ.ભ. લક્ષ્મણભાઈ રામજી વેકરીયા - બળદિયા ઉપલોવાસ
- પ.ભ. સરસ્વતીબેન રમેશભાઈ પરમાર - માધાપર
- પ.ભ. કિશોરભાઈ પરબત વેકરીયા - મીરઝાપર (હાલે મોમ્બાસા)
- પ.ભ. દિનેશભાઈ લક્ષ્મણ પિંડોરીયા - મીરઝાપર

- પ.ભ. રાધાબાઈ કાનજી કુંવરજી ભાણાણી - બળદિયા, હ. કલ્યાણભાઈ કાનજી
- પ.ભ. મનુભાઈ ભવાનભાઈ દુફિયા - ભુજ
- પ.ભ. લાલજીભાઈ વિશ્રામ વેકરીયા - નારણપર
- પ.ભ. નીલેશભાઈ શંભુલાલ સોની - નારાણપર
- પ.ભ. લાલજીભાઈ વેલજી ભુડીયા - સુખપર
- પ.ભ. નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. ધનબાઈ નાથા ખેતાણી - સુખપર, હ. પ્રેમજીભાઈ ખીમજી ભુવા - માનકુવા
- પ.ભ. ચિરાગ ગોસ્વામી - કંપાલા
- પ.ભ. રામજીભાઈ શીવજી ગોરસીયા - માનકુવા
- પ.ભ. મનીષાબેન મનસુખલાલ વરસાણી - સામત્રાવાળા હ. રાજેશભાઈ
- પ.ભ. દેવશીભાઈ કાનજી ભૂડીયા - ભક્તિનગર
- પ.ભ. પ્રેમજીભાઈ કાનજી છભાડીયા
- પ.ભ. સાં.યો. નીતાબાઈ ભીમજી હિરાણી, હ. ભીમજીભાઈ મુરજી હિરાણી - બળદિયા
- કરસનભાઈ સામજી સેંઘાણી - નારાણપર (ઉપલોવાસ)

# શ્રી નરનારાયણદેવના રસોડાની સેવા

શ્રી સ્વામિનારાયણ ભગવાને કચ્છના ભક્તોના કલ્યાણાર્થે પધરાવી આપેલા પ્રતાપી શ્રી નરનારાયણદેવના ચરણોનું શરણું લેનારની મનોકામના ભગવાન અવશ્ય પૂરી કરે છે. ભક્તો ભગવાનને આપેલ ધન-સંપત્તિમાંથી શ્રી નરનારાયણાદિ દેવોને સંપૂર્ણ રસોડું અર્પણ કરે છે, જેનાથી ભક્તની અંતરાત્મામાં શાંતિ અને અન્નવસ્ત્ર આબરુ અને આધિ, વ્યાધિ અને ઉપાધિથી રહિત થાય છે. ભજન કરવામાં સાનુકુળતા આવે છે. ૭માં મહિને થયેલા શ્રી નરનારાયણદેવના રસોડાના ભાગ્યશાળી યજમાનો નીચે પ્રમાણે છે.

૧) ૧-૭-૧૩ અ.નિ. નાનજીભાઈ દેવરાજ હાલાઈ પરિવાર - દહિંસરા
૨) ૧-૭-૧૩ રાધાબાઈ કાનજી કુંવરજી ભાણાણી હ. કલ્યાણભાઈ કાનજી ભાણાણી - બળદિયા
૩) ૩-૭-૧૩ કાનબાઈ વિશ્રામ વાઘજીયાણી હ. નારાણભાઈ - સુખપર
૪) ૪-૭-૧૩ રવજીભાઈ લાલજી વરસાણી - વેકરા
૫) ૮-૭-૧૩ માવજીભાઈ રતના હિરાણી - ભક્તિનગર
૬) ૧૯-૭-૧૩ દેવબાઈ રામજી હાલાઈ હ. સાં.યો. રામબાઈ ભક્તિનગરવાળા - કોડકી
૭) ૧૯-૭-૧૩ વાલજીભાઈ હરજી ગોરસીયા ધ.પ. વાલબાઈ - સુખપર
૮) ૨૨-૭-૧૩ પ્રેમજીભાઈ ભીમજી કેરાઈ હ. ધ.પ. ધનબાઈ - ભારાસર
૯) ૨૨-૭-૧૩ કરસનભાઈ રતના હિરાણી ધ.પ. ધનબાઈ - ભક્તિનગર
૧૦) ૨૨-૭-૧૩ ખીમજીભાઈ લાલજી પિંડોરીયા ધ.પ. દેવબાઈ - ભક્તિનગર

**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર દર મહિનાની તા. ૨૦ પહેલા. મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

**પધારો ભુજ..... પધારો દશાબ્દિ શિબિરમાં.... પધારો ભુજ.....**

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-સંચાલિત
## કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ આયોજીત

# દશાબ્દિ શિબિર ૨૦૧૩

કારતક સુદ-૬ ૨૦૭૦થી કારતક સુદ-૧૦ તા. ૮થી૧૨ નવેંબર ૨૦૧૩ સુધી શ્રી નરનારાયણ ભગવાનની કૃપાથી તેમજ અ.નિ. મહંત સદ્. સ્વામી હરિસ્વરૂપદાસજી તથા તત્કાલીન વડીલ સંતોની આજ્ઞાથી કચ્છ સત્સંગના દેશ-વિદેશમાં વસતા યુવાનો માટે યુવક મંડળની સ્થાપના કરી અને તેમને વેગવંતુ બનાવ્યું. આ સ્થાપનાને જ્યારે ૧૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે પ.પૂ. મહંત સ.ગ. પુ.સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી દશાબ્દિ શિબિર ઉજવવા નક્કી કરેલ છે. અને યુવક મંડળના ઉત્સાહી યુવાનોના યોગદાનથી જ્યારે આ દિવ્ય અને ભવ્ય આયોજન થવાનું હોઈ કચ્છના દેશ-વિદેશમાં વસતા સર્વે યુવા હરિભક્તો જણાવતાં આનંદ અનુભવીયેં છીએ. યુવાનો ઉપર શ્રી નરનારાયણ ભગવાન ખૂબ જ રાજી છે અને વધુ રાજી થશે.

આ શિબિરમાં જોડાવા ઈચ્છતા ૧૬થી૪૫ વર્ષ સુધીની ઉંમરના યુવાનોને યુવક મંડળ કાર્યાલય ભુજ તથા ચાલતાં કેન્દ્રોમાંથી ફોર્મ મેળવી ભરવાના રહેશે.

પાંચ દિવસનાં આયોજનમાં આવેલ ખમીરવંતા યુવાનો માટે તો સંપૂર્ણ આયોજન હશે જ સાથે બપોર પછીના ભાગમાં સમગ્ર ભાઈઓ-બહેનો માટે પણ વ્યવસ્થા હશે જેણે ફોર્મ ભર્યા નહિં હોય તેઓ આપેલ સમય ઉપર પહોંચી લાભ લઈ શકશે.

પાંચ દિવસના કાર્યક્રમમાં પાંચમા દિવસે બપોર પછી ૨-૦૦ વાગ્યાથી ૬-૦૦ વાગ્યા સુધી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની બહેનોનો કાર્યક્રમ રાખેલ છે. જેમનું સંચાલન સાં.યો. બહેનો કરશે.

આ અદ્ભુત શિબિરમાં દેશના, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, યુ.કે, સિસલ્સ, અરબ અમિરાતમાં વ્યવસાય અર્થે ગયેલા અથવા સ્થાયી થયેલા યુવાનો ભાગ લેશે. તો આ શિબિરમાં તન-મન-ધનથી સહભાગી થવા, સત્સંગમાં રંગાઈ જવા, જીવનમાં કાંઈક મેળવવા યુવાનો જેમ બને તેમ જલ્દી પોતાના ફોર્મ ભરે જેથી રહેવાની વ્યવસ્થા થઈ શકે.

પાંચ દિવસની શિબિરમાં વડીલ સંતો, યુવાન વિદ્વાન સંતો તથા નિષ્ઠાવાન યુવા ભક્તોના દર્શન-મંતવ્યો અને આશીર્વાદ મળશે. સ્થળ શ્રી સ્વામિનારાયણ કન્યા વિધા મંદિર મિરઝાપર-ભુજ રાખેલ છે.

**યુવકમંડળ કાર્યાલય- ભુજ**
**સંપર્ક - ૦૨૮૩૨૨૫૦૪૩૧**
**૯૯૨૫૪૫૩૯૬૩**

# સત્સંગ સમાચાર

## અંજાર સ્વામિનારાયણ મંદિરમાં ઉજવાયા ઉત્સવો

તા. ૧૯-૭-૧૩ શુક્રવારે દેવશયની એકાદશી નિમીતે મંદિરના પરિસરમાં-સભાખડમાં ઠાકોરજીની મહાપૂજા વિધિ સ્વામી શ્રીરંગદાસજીએ સંપન્ન કરાવેલ હતો. જેમાં અનેક હરિભક્તો ભાઈઓ તથા બહેનોએ બહેનોના વિભાગમાં પૂજન કરીને અમુલ્ય લાભ લીધો હતો.

**ચાતુર્માસ પ્રારંભ** : ચાતુર્માસ એટલે આત્માને પરમાત્માની નજીક લઈ જવાનો તથા વિશેષ ભક્તિ સત્સંગ કરવાનો અમૂલ્ય અવસર. દેવશયની એકાદશી નિમિત્તે અનેક હરિભક્તોએ શ્રી ઘનશ્યામ મહારાજ પાસે વિશેષ નિયમો લીધાં હતાં.

ચાતુર્માસ નિમિત્તે સભાખંડમાં દરરોજ સવારે શિક્ષાપત્રી કથા તથા સાંજે શ્રીમદ્ ભાગવત્ કથા થઈ રહી છે. જેના વક્તા શ્રીરંગદાસજી સ્વામી તથા સાંજની કથાના વક્તા સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજી વ્યાસપીઠેથી કથા શ્રવણ કરાવી રહ્યા છે. જેમાં અનેક હરિભક્તો લાભ લે છે.

**ગુરુપૂર્ણિમા** : તા. ૨૨-૭-૧૩ સોમવારે ગુરુપૂર્ણિમાં : આપણી હિંદુ સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમાનું અનેરું મહત્ત્વ છે. જીવાત્માનું અંતિમ લક્ષ્ય ભગવાનના ધામમાં પહોંચીને તેમનાં દર્શનનું અનંત સુખ મેળવવાનું છે. એ જ્ઞાન ગુરુના સંગાથ વિના સંભવ નથી. અજ્ઞાન રૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં લઈ આવનાર એજ ગુરુ છે. એવા ગુરુનું પૂજન કરવાનો મહામૂલો અવસર એટલે ગુરુપૂર્ણિમાં. હરિભક્તોએ સંતોનું પૂજન કરી આશીર્વાદ મેળવેલ. એક મહિનો દરરોજ નિત્ય નવા-અવનવી વસ્તુઓના હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવીને અનેક હરિભક્તો દર્શનનો લાભ લઈ રહ્યા છે. તા. ૮-૮-૧૩થી બાઈઓના મંદિરમાં બાર હિંડોળા તથા ભાઈઓના મંદિરમાં ત્રણ હિંડોળા. અને મંદિરના પટાંગણમાં આકર્ષક પ્રદર્શન આપણા ભારત દેશ અને ગામડાંની અર્વાચીન-પ્રાચીન સંસ્કૃતિની માહિતી આપતું આબેહૂબ પ્રદર્શન તથા આંબાની ડાળે ઝુલતાં બાર હિંડોળા દર્શન તથા ઈલેક્ટ્રોનીક સાધન દ્વારા ભક્તિભાવ સાથે મનોરંજન પીરસતાં સાધનો મૂકવામાં આવશે. જે જોતાં દરેક હરિભક્તો ભાઈઓ-બહેનો નાના-મોટાં બાળકો તથા વડીલો પણ રોમાંચ સાથે આનંદ મેળવીને દર્શનનો લાભ લઈ શકશે.

અહેવાલ :- રમણીકભાઈ સોલંકી

## અંજાર બહેનોના નૂતન મંદિરનું ખાંતમુહૂર્ત

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ હેઠળના અંજાર વિસ્તારના ભક્તો માટે વિશાળ જગ્યામાં લાલ પથ્થરનું મંદિર નવનિર્માણ પામી રહ્યું છે ત્યારે, બહેનો માટે અલગ મંદિરનું તા. ૮-૮-૨૦૧૩ ગુરૂવાર શ્રાવણ સુદ-૨ના રોજ અમદાવાદ પીઠાધિપતી ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ.ગુ. શ્રી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. શ્રી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો તથા અ.નિ. કાનજીભાઈ ભીમજી રાઘવાણી બળદિયા યજમાન પરિવારના હસ્તે ખાતમુહૂર્ત વિધિ થશે. આ પ્રસંગે સૌ ભાવિક ભક્તોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

# નારાણપર પસાયતી સ્વા.મંદિર ભાઈઓના ઠાકોરજીની ઉત્થાપન વિધિ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી અને મહંત સ્વામી ધર્મનંદન દાસજીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ ભાઈઓનું મંદિર નાનું પડતાં મંદિર મોટું કરવાનો સંકલ્પ સમગ્ર ગ્રામજનોએ કરેલો. તે સંકલ્પને મહંત સ્વામીએ વધાવ્યો અને મોટું મંદિર બનાવવાનું નક્કી થયું. તેથી મંદિરમાં બિરાજતા ઠાકોરજીનું ઉત્થાપન પૂજન કરવામાં આવ્યું હતું.

અષાઢ સુદ-૨ એટલે કે કચ્છી નવું વર્ષ તે દિવસનું શુભ મુહૂર્ત હોતાં તેજ દિવસે સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી અને સ્વામી કેશવજીવન દાસજી આદિ મંડળના સંતો દ્વારા ઠાકોરજીનું ઉત્થાપન પૂજન કરવામાં આવ્યું ને ઠાકોરજીને વાજતે ગાજતે બાઈઓના મંદિરના હોલમાં લઈ જઈ વિધિ સાથે સ્થાપન પૂજન કરીને પધરાવવામાં આવ્યા હતા.

આજે સમગ્ર ગ્રામજનોએ પાંખીપાળીને પૂજામાં જોડાયા હતા. સાં.યોગી બહેનો તરફથી ગાયોને ઘાસચારો, ઠાકોરજીને અને સંતોને રસોઈ આપવામાં આવી હતી. વેકરીયા કુંવરજી લાલજી તથા વેકરીયા નારણ કુંવરજી તરફથી આખા ગામને ભોજન રૂપી પ્રસાદ આપવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશ દાસજીએ સુંદર સરળ શૈલીમાં કર્યું હતું. મંદિરની કમિટી ગ્રામજનો, યુવક-યુવતી મંડળ તથા સર્વે હરિભક્તોએ સાથ સહકાર આપ્યો હતો.

અહેવાલ :- કેરાઈ જાદવજી કાનજી. સહમંત્રી

## મુંબઈ થાણામાં હિંડોળા તથા હિમાલય દર્શન ઉદ્‌ઘાટન

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન થાણામાં અદ્‌ભુત ૧૨ હિંડોળા તથા હિમાલયની રચના સાથે આધુનિક વિશ્વનું નિદર્શન ગોઠવેલ છે.

જેનું ઉદ્‌ઘાટન તા. ૨-૮-૨૦૧૩ શુક્રવારના સાંજે ૮:૦૦ કલાકે રાખેલ છે. દરરોજ દર્શન સમયે સાંજે ૫:૦૦થી રાત્રે ૧૦:૦૦ સુધી.

સૌ થાણા મુંબઈ નિવાસી ભક્તોને સહપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

મુંબઈ થાણા સંપર્ક - ૦૨૨-૨૫૩૩૩૨૬૯

## માંડવી હિંડોળા ઉદ્‌ઘાટન

તા. ૨-૮-૨૦૧૩ના રોજ સવારે ૮:૦૦ કલાકે પુલહાશ્રમનું ઉદ્‌ઘાટન થશે. તો આવા રૂડા અવસરે સમગ્ર ભક્તોને દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

## શ્રી ઘનશ્યામ બાળ મંડળ સત્સંગ પ્રવાસ નરનારાયણ નગર(સુખપર)

તા. ૨૧-૭-૨૦૧૩ના રોજ શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકોનો પ્રવાસ શ્રીજી મહારાજની પ્રસાદીભૂત માનકુવા વિચેશ્વર મહાદેવ મધ્યે રાખેલ હતો. યુવક મંડળના સભ્યો તથા બાલ મંડળના સંચાલકો તરફથી બાળકોને મનોરંજન સાથે જ્ઞાન-ગમ્મત અને ભગવાનના ૧૬ ચિહ્નોની પરીક્ષા પણ સાથે રાખેલ હતી તેમાંથી ૨૫ બાળકાએ ભાગ લીધેલ હતો. જેમાંથી ૧૫ બાળકો ૧૬ ચિહ્નોના પૂરેપૂરા નામ લખેલ હતા. પાસ થયેલ બાળકોને કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ તરફથી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.

અહેવાલ :- જગદિશ તથા વિનોદભાઈ
નરનારાયણ નગર (સુખપર)

## શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દિ સ્મૃતિ મંદિર હિંડોળા દર્શન

દરવર્ષની જેમ આ વર્ષે પણ સ્મૃતિ મંદિરમાં ભવ્ય બાર હિંડોળાના દર્શનનો લાવો દરેક ભક્તોને મળશે.

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનમાં ઉજવાયો
## શ્રી ઘનશ્યામ મહારાજનો રજતજયંતી મહોત્સવ

કચ્છના સમર્થસંત, ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના અ.નિ. મહંત શાસ્ત્રી ધર્મજીવનદાસજી સ્વામીએ સમગ્ર યુરોપના સૌ પ્રથમ શિખરબદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરનું સર્જન લંડનના વિલ્સડનલેન ખાતે કર્યું તે ઘટનાને ચાર દાયકા વિત્યા છે. મંદિરનો ૩૮ મો અને ઘનશ્યામ મહારાજનો ૨૫ મો વાર્ષિક પાટોત્સવ રજત જયંતિ મહોત્સવના રૂપમાં ઉજવાઇ ગયો.

તા.૧૯-૭-૨૦૧૩ સાંજના આજ રોજ પોથી પૂજન બાદ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતો તથા યજમાનો પોથીઓને મસ્તકે ધારી સભામંડપમાં લાવ્યા હતા.

૨૦-૭-૨૦૧૩ના રોજ નવ દિવસના શ્રીમદ્ સત્સંગિ જીવન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું સામુહિક દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ઉત્સવ આરંભ કરાવતાં સંપ્રદાયના આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, અને મંદિરના પ્રમુખ મનજીભાઈ શીવજી હાલાઈએ લંડનમાં સનાતન સંસ્કૃતિના મૂળીયાં મજબૂત બન્યા હોવાનો સંદેશ આપ્યો હતો. હિન્દુ-વૈદિક પરંપરાનું વાહક વિલ્સડન મંદિરના હજારો શ્રધ્ધાળુ હરિભક્તોએ ઉત્સવના પ્રારંભે જ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષથી વાતાવરણ ધર્મમય બનાવી મૂક્યું હતું. મંદિરને નવ્યરૂપ અપાયું છે. રોશની-ઝૂમ્મરની આકર્ષક સજાવટને આચાર્ય મહારાજે ખુલ્લી મૂકી હતી.

તે મંદિરમાં બાળ શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિમાને પચ્ચીસવર્ષ પૂર્ણ થતાં ઉજવાઈ રહેલા ઉત્સવમાં એકબાજુ શ્રી નરનારાયણદેવના માધ્યમે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોએ શાનદાર રજૂઆતો કરી હતી. એકબાજુ આધુનિક જીવનચર્યામાં ઓતપ્રોત નવયુવતીઓએ માથે શણગારેલા કળશ ધારણ કરી સનાતન-હિન્દુ સંસ્કૃતિની વિશાળતા દર્શાવી દીધી હતી તો ઢોલ, શરણાઈના સૂર યુવતીઓએ જ છેડ્યા હતા. કૃષ્ણરાસ, કચ્છી કીર્તન મંડળીની રજુઆત ધારદાર હતી તો અમદાવાદ, ભુજ, જુનાગઢ, ગઢડા, વડતાલધામોની પ્રતિકૃત્તિ દશ્ય સંપ્રદાયમાં મહારાજે સ્થાપેલા મંદિરોનું મહાત્મ્મય દર્શીત કર્યું હતું. દાદાખાચરના દરબારમાં ભુજ-અમદાવાદ મંદિરના સંતો બિરાજ્યા હતા. વાજતે-ગાજતે નીજ મંદિરે પહોંચેલી નગરયાત્રાના અંતિમચરણમાં મહારાજશ્રીએ કબૂતરોને ગગનમાં છોડી સંપ્રદાય મુક્તિ અને સ્વતંત્રતાનો હામી હોવાનો સંદેશ આપ્યો હતો.

તા. ૨૧ રવિવારના બપોરના ૨ વાગ્યાથી વિશાળ યુ.કેના ૮ મંદિરોની બેન્ડ, ફ્લોટ તથા મંડળી સાથે હરિભક્તો જોડાયા હતા. શોભાયાત્રામાં રસ્તાઓ બંધ કરાયા હતા. બે કિ.મી. સુધી લંબાયેલ યાત્રાના રૂટ પર કચ્છી-ગુજરાતી સાથે અંગ્રેજી કલ્ચર પણ દેખાયું હતું. અંગ્રેજોએ પણ હિન્દુ કાર્નિવલને કેમેરામાં કેદ કરી સંસ્મરણો જાળવ્યા હતા. મંદિરની આ ઐતિહાસિક રજૂઆતમાં આયોજનથી લઈ તેને સફળ બનાવવામાં મુખ્યત્વે ૧૮ થી ૪૫ વર્ષના નવયુવકો, યુવતીઓએ ભાગ લીધો હતો.

તા.૨૨ સોમવારે સવારે ૮ વાગ્યે પૂજન વિધિ બાદ પચ્ચીસમાં વાર્ષિક પાટોત્સવનો શ્રી ઘનશ્યામ મહારાજનો મહાભિષેક યોજાયો હતો. આચાર્ય મહારાજ તેમજ ભુજ મંદિરના સંતોએ શ્રી નરનારાયણદેવના જયઘોષ સાથે વિધિવિધાન દ્વારા પંચામૃતથી મહાભિષેક કરવામાં આવ્યો હતો. આચાર્ય

કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, સભાપતિ પુરુષોત્તમસ્વરૂપદાસજી સ્વામી સહિતના સંતોએ વિવિધ દ્રવ્યોથી મહારાજને સ્નાન કરાવ્યું હતું. તે બાદ લેવાયેલા ચડાવવામાં મનુભાઈ ગાજપરિયા, કાનજી ખીમજી જેસાણી પરિવાર- વિશ્રામભાઈ લાલજી પીંડોરીયા(પર્થ ઓસ્ટ્રેલિયા)સાથે કુંવરજી અરજણ કેરાઈએ હનુમાનજી, ગણપતિજીની આરતીનો લાવો લીધો હતો. ત્યારબાદ ભગવાનના જન્મદિને હરિભક્તો દ્વારા બનાવવામાં છપ્પન પ્રકારના ભોજનો અન્નકુટના રૂપમાં ધરવામાં આવ્યા હતાં.

કથાના વક્તા નારાયણમુનિદાસજી સ્વામીએ સત્સંગિજીવન કથા પ્રસંગે ભગવાને ભક્તો માટે સર્જેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાર્ગને પામવા ગુણ્ય રહસ્યાર્થોને સરળશૈલીમાં સમજાવ્યા હતા.સાથે શાસ્ત્રી સ્વામી ભક્તવત્સલદાસજી તથા શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજી આદિ સંતો વક્તા પદે રહી કથા રસપાન કરાવ્યું હતું. સંગીતમય માહોલમાં શ્રીજીનંદનદાસજી સ્વામીએ કિર્તનો દ્વારા માહોલને વધુ ભક્તિમય બનાવ્યો હતો.

સભાપતિ પુરુષોત્તમસ્વરુપદાસજી સ્વામીએ વિલ્સડન મંદિરને વિશ્વભરમાં ફેલાયેલા કચ્છ સંલગ્ન મંદિરો અને સત્સંગનું કર્ણધાર લેખાવ્યું હતું. ભુજ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીએ વિલ્સડન મંદિરના પ્રમુખ મનજીભાઈ શીવજી હાલાઈ, મંત્રી શીવજીભાઈ પ્રેમજી હીરાણી, મહોત્સવના ટ્રસ્ટી કાનજીભાઇ, કન્વિનર કુંવરજીભાઈ અરજણ કેરાઈ, સભ્ય કુંવરજીભાઇ દેવરાજ વેકરીયા સહિત યુવા કાર્યકરો, ટ્રસ્ટીઓ, ઉત્સવના અનેક વિભાગોમાં સેવા કરતા ભક્તો, ધર્મકુળ પરિવાર, ગાદીવાળાં મહિલા વિભાગના આયોજનો સંભાળતા, પ્રસાદાલય, રસોડું, ટ્રાફિક, શોભાયાત્રા, આવકાર, સાંસ્કૃતિક કાર્યક્રમો, મેડિકલ સહિત ૧૯ સમિતિમાં ૭૦૦થી વધુ સ્વયંસેવકો દેવ,ગુરુ,ઈશ્વરના સમર્પણ ભાવથી ખડેપગે સેવા આપી રહેલા, સમગ્ર કારોબારીની દષ્ટિ અને સર્વે હરિભક્તોની સમર્પિત ભાવનાને અદમ્ય સંતોષ સાથે સાર્થક ગણાવી હતી.

આ પ્રસંગે બ્રિટીશ પ્રજા પણ ઉત્સવની વિશાળતા અને આયોજનોની બારીકીથી પ્રભાવિત થઈ હતી. પાર્લામેન્ટ સદસ્યા અને અંગ્રેજ સરકારના પ્રતિનિધિ સેરાથીટરે મંદિર તેના સંચાલકો અને ભક્તોના પેટભરીને વખાણ કરતાં દુધમાં સાકારની જેમ ભળી ગેયેલા કચ્છી-ગુજરાતીઓની વેપાર કુનેહ અને દેશને વફાદાર રહી સ્વવિકાસની આવડતને બિરદાવી હતી.ભગવાન પ્રત્યેની નિષ્ઠા અને સંગઠીત રહી દરેકને ઉપયોગી થવાની ભાવનાની પણ તેમણે કદર કરી હતી. ખાસ કરીને ઉત્સવમાં મહિલાઓની સક્રિયતા-સહભાગીતા માટે પીઠ થાબડી હતી. બ્રિટન મહારાણી અને રાજપરિવાર વતી મંદિરની પ્રવૃત્તિઓ માટે શુભેચ્છા અપાઈ હતી.

ઉત્સવ દરમ્યાન અંગ્રેજીમાં અનુવાદિત સત્સંગિજીવન પ્રકરણ-૧થી૫ નું વિમોચન કરાયું હતું. સાથે બાળકોનું ભવિષ્ય વિચારી ભારતીય સંસ્કારોની સાથે પોતાનું જીવન બાળપણથી જ જીવી શકે એવા હેતુથી ભુજ મંદિર દ્વારા તૈયાર કરાયેલ લેવલ-૧ નું પૂજ્ય મોટા મહારાજશ્રી તથા મહંત સ્વામી તેમજ મંદિરના પ્રમુખ મનજીભાઇ શીવજી આદિ સંતો ભક્તોના સાનિધ્યમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

વિમોચન બાદ સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ પોતાના બાળકો મંદિરમાં ચાલતી બાળ પ્રવૃત્તિમાં તમારા બાળકોને મોકલી સંસ્કારી બનાવજો.

એવી ટકોર સાથે ભલામણ કરી હતી. અને આ સત્સંગ પાઠ્યક્રમ દરેક મંદિરોમાં ભણાવવામાં આવશે. તો મંદિરના કાર્યકર્તા હરિભક્તો પણ પોતાના બાળકો સમજી કેમ વધુ બાળકો સુધી સંસ્કારોનું જતન થાય તેવા આયોજનો કરવા ભલામણ કરી હતી. ડો.સ્વામી સત્યપ્રસાદદાસજીએ અંગ્રેજીમાં શિલેબશ વિશેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે ભુજ મંદિરના ૨૫ સંતો હાજર રહ્યા હતા. સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી,

સદ્‌ગુરુ સ્વામી ભક્તિવલ્લભદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી વિશ્વજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી, પુરાણી સ્વામી હરીમુકુન્દદાસજી, તથા અમદાવાદના મહંત સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજી આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્સવ દરમ્યાન બહેનો માટે ઉપરના હોલમાં કથા સાંભળવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

આ મહોત્સવમાં શ્રીક.સ.સ્વામિનારાયણ મંદિર કેન્ટન-હેરો, શ્રીસ્વામિનારાયણ મંદિર-કાર્ડીફ, શ્રીક.સ.સ્વામિનારાયણ મંદિર-વુલ્વીચ, શ્રીક.સ.સ્વામિનારાયણ મંદિર-ઈસ્ટ લંડન, શ્રીક.સ.સ્વામિનારાયણ મંદિર-બોલ્ટન, શ્રીસ્વામિનારાયણ મંદિર-ઓલ્ડહામ, શ્રીસ્વામિનારાયણ મંદિર-સ્ટેનમોર આદિ મંદિરોના હરિભક્તો બહોળા ઉત્સાહથી સામેલ થયા હતા. સાથે મોમ્બાસા, નાઈરોબી, યુગાન્ડા સહિતના આફ્રિકી કેન્દ્રો, અમેરિકા,ઓસ્ટ્રેલિયા અને કચ્છથી હજારો હરિભક્તો તેમજ કચ્છ ચોવીસી મંદિર સમાજના અગ્રણીઓ, યુ.કે કોમ્યુનિટી અધ્યક્ષ માવજીભાઈ ધનજી વેકરીયા, બ્રિટીશ હિન્દુ ફોરમ પ્રમુખ અરજણ કરસનદાસ વેકરીયા, ગુજરાત સમાચાર-યુ.કેના તંત્રી સી.બી.પટેલ, કિશોર પરમાર, કમલ રાવ, ગુજરાતી સમુદાય, સંસ્થાઓના અગ્રણીઓ-ઉદ્યોગપતિઓ ઉપરાંત કચ્છમાં સત્સંગીદાતા નૈરોબીના પ.ભ, નારાણભાઇ મનજી કેરાઈ, નાઈરોબીથી દેવશીભાઈ ગરારા, ઓસ્ટ્રેલિયા ધનજીભાઇ મનજી વરસાણી, માવજીભાઇ રાજાણી, બળદિયા હોસ્પિટલના પ્રમુખ કરસનભાઇ ઝીણા જેસાણી, વિશ્રામભાઇ ગોરસીયા, સુખપર સરપંચ માવજીભાઈ રાબડીયા, સુરજપરના મોમ્બાસા વાસી દેવશીભાઇ વેલજી હાલાઈ(દેવચંદ શેઠ), મોમ્બાસા મંદિરના પ્રમુખ હીરજીભાઇ હાલાઈ, અગ્રણી રામજીભાઇ ધનજી ગામી(કેરા), હરજીભાઇ વરસાણી(સામત્રા), રવજીભાઇ રામજી ગાજપરીયા(બળદિયા), સહિત અનેક અગ્રણીઓ કથા શ્રવણનો લાભ રહ્યી રહ્યા છે.

ઉત્સવને યાદગાર બનાવવા સોવિનયર, સી.ડી.વિગેરેના આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી દ્વારા વિમોચન કરવામાં આવ્યાં હતાં.

દરરોજ રાત્રે અલગ અલગ મંદિરોના યુવાનો-યુવતીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. એક રાત્રે દિવ્ય અદ્‌ભૂત મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રીય કાર્યક્રમોમાં રજની ભૂડીયાએ હિજરતની થીમની રજૂઆતથી દિલજીત્યા હતા.

સમગ્ર ઉત્સવનું ભુજ મંદિરની વેબસાઈટ bhujmandir.org અને વિલ્સાડનની www.shreeswaminarayan.org.uk કચ્છ ચોવીસીમાં સ્થાનિક કેબલ તેમજ sst રેડિયો પર કરવામાં આવ્યું હતું.ઉત્સવમાં અમદાવાદ ઉપરાંત વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ ગાદીના હરિભક્તો સામેલ થયા છે. તો સમગ્ર લંડન સ્વામિનારાયણમય બન્યું છે. મોટા મોટા હોર્ડિંગ્સ, તોરણ અને ઉત્સવની ધર્મ,અર્થ,કામ અને મોક્ષની જ્યોતથી વિશિષ્ટ મુદ્રા મુકાઈ છે.જે આખાય મહોત્સવના મસમોટા વિસ્તાર અને ઉત્સાહને ઉદ્‌ઘોષિત કરે છે.

શ્રી ઘનશ્યામ રજતજંયતિ મહોત્સવના સફળ આયોજન બદલ ભુજ મંદિરના મહંત સ્વામીએ ટ્રસ્ટી મંડળ એવમ્ ઉત્સવ સમિતિને સિલ્વર પત્રક અર્પણ કરીને અંતઃકરણ પૂર્વક શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

ભુજ મંદિરેથી સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, જ્યોતિષજ્ઞ સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, સ.ગુ, સ્વામી ઉતમપ્રિયદાસજી, સ.ગુ. કોઠારી સ્વામી ભગવદજીવનદાસજી, સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી, માંડવીથી સ.ગુ.સ્વામી ધર્મવલ્લભદાસજી તથા સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતવૃંદે ઉત્સવની સફળતા માટે આશીર્વાદ પાઠવ્યા હતા.














RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# વિલ્સડ લેન લંડન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજનો રજય જયંતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.













